| | |
|---|---|
| કેસ દાખલ થયાની તા. | ૧૭–૦૨–૨૦૨૨ |
| કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૧૭–૦૨–૨૦૨૨ |
| ઠરાવ જાહેર થયાની તા. | ૦૭–૦૮–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–મહીના–દીવસ<br>૦૪ – ૦૫ – ૨૧ |

**ભીલોડાના નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલતમાં, મું.ભીલોડા,જી.અરવલ્લી**

**રે.દી.મુ.નંબર– ૧૯/૨૦૨૨**

**આંક–૧૪૪**

**વાદીઓ:–** (૧) વણઝારા દીનેશભાઈ પરમાભાઈ,ઉ.વ.૪૧,

(૨) વણઝારા આકેશભાઈ પરમાભાઈ,ઉ.વ.૩૫,

(૩) વણઝારા શંકરભાઈ ગણેશભાઈ,ઉ.વ.૪૭,

(૪) વણઝારા તોળાભાઈ લછછાભાઈ,ઉ.વ.૫૦,

(૫) વણઝારા રણછોડભાઈ ગણેશભાઈ,ઉ.વ.૪૦,

(૬) વણઝારા પ્રકાશભાઈ ગણેશભાઈ,ઉ.વ.૩૨,

(૭) વણઝારા અવલીબેન ગણેશભાઈ,ઉ.વ.૭૬,

તમામ ધર્મે–હીન્દુ,ધંધો–ખેતી,

તમામ રહે.મઉ ટાંડા,તા.ભીલોડા,જી.અરવલ્લી.

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ:–(૧)** ધી સ્ટેટ ઓફ ગુજરાત,

(પ્રોસેસની બજવણી કલેકટરશ્રી,અરવલ્લી)

(૨) મામલતદારશ્રી,ભીલોડા,

મામલતદાર કચેરી,તા.ભીલોડા,જી.અરવલ્લી.

(૩) નાયબ કલેકટરશ્રી,મોડાસા,

મોડાસા,જી.અરવલ્લી.

(૪) વણઝારા તેજાભાઈ કાળાભાઈ,

ઉ.વ.પુખ્ત,ધર્મે–હીન્દુ,ધંધો–ખેતી,

રહે.મઉ ટાંડા,તા.ભીલોડા,જી.અરવલ્લી.

**દાવો : ડેકલેરેશન તથા પરપેચ્યુઅલ પ્રોહીબીટીવ મનાઈ હુકમ માટે ...**

---

વાદીઓ તરફે વિ.વ.શ્રી.જે.સી.ભાટીયા
પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે એ.જી.પી.શ્રી.આર.જે.ભાટી
પ્રતિવાદી નં.૪તરફે વિ.વ.શ્રી કે.ટી.રાઠોડ

---

**–::ઠ રા વ::–**

(૧) વાદીઓના દાવાની ટુકમાં હકીકત જોવામાં આવે તો,વાદીઓએ એવી હકીકત જણાવેલ છે કે,મોજે. મઉટાંડા ગામની સીમના સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨ જેના જુના સ.નં.૪૨૯ છે તે અને જેનુ ક્ષેત્રફળ ૦–૪૫–૪૨ છે તે વાદી નં.૧, ૨ ના એ વાદી નં.૩ થી ૭ પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૩૭/૧૯ વેચાણ અવેજની રકમ રુપીયા એક લાખ ચુકવીને વેચાણ રાખેલ છે અને માલીક બનેલા છે અને તેઓએ જમીન વેચાણ રાખી તે પહેલા આ મિલકત પડતર પડી રહેલ હોય ખેતીલાયક બનાવેલ અને લેવલીંગ કરી હાલમાં ખેતી કરે છે.વાદીના સ.નં.૨૪૩ વાળી મિલકત આ કામમાં દાવાવાળી મીલકત છે.વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૪ ની જમીન વાદી નં.૧ ,૨ ની જમીનની દક્ષિણે તથા પ્રતિવાદી નં.૪ ના ભાઈ મધુરભાઈ લાલાભાઈ અને કસ્તુરભાઈ લાલાભાઈની જમીન સ.નં.૨૫૪ તેના જુના સ.નં.૪૩૧ વાળી વાદી નં.૧,૨ ની જમીન પશ્ચિમે આવેલી છે અને તેની પછી વાડ આવેલ છે અને ત્યાંથી પ્રતિવાદી કે અન્ય કોઈ ખેડુતને અવરજવર માટેનો રસ્તો આવેલ નથી

કે હતો નહી અને ખેતરમાંથી થઈને કોઈ પણ રસ્તો અસ્તિત્વમાં હતો નહી કે છે નહી અને આવો રસ્તો ગામના નકશામાં દર્શાવેલ નથી.આ કામના પ્રતિવાદી નં.૪ ને તેની માલીકીના સ.નં.૨૫૬ વાળી જમીનમાં અવરજવર કરવાનો રસ્તો દાવાવાળી જમીનમા થઈને આવેલ નથી કે આવો રસ્તો સ્થળ પર અસ્તિત્વમાં નથી.

વધુમાં વાદીએ એવી હકીકત જણાવેલ છે કે,આ કામના પ્રતિવાદી નં.૪નાએ તેઓની માલીકીના સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા આવવા માટે તેમજ બળદ,હળ,ગાડુ,ટ્રેકટર વગેરે લઈ જવા માટેનો રસ્તો દાવાવાળી મિલકતમાં આવેલ છે તેવુ જણાવીને રસ્તો ખુલ્લો કરાવવા મામલતદાર કોર્ટ એકટ હેઠળ કેસ નં.૨/૨૦ થી અરજી કરેલી અને તેમાં વચગાળાનો મનાઈ હુકમ તા.૧૦.૦૭.૨૦૨૦ ના રોજ ફરમાવવામાં આવેલ.આ કામમાં વાદીને તે દાવામા નોટીસ બજતાં મામલતદાર કોર્ટમાં હાજર થઈને વિગતવારનો સંપુર્ણ હકીકતો દર્શાવી જવાબ રજુ કરેલ અને તે ધ્યાનમાં લીધા સીવાય મામલતદાર કોર્ટે રસ્તો ખુલ્લો કરવાનો હુકમ તારીખ. ૩૧.૦૩.૨૧ ના રોજ કરેલો.ત્યારબાદ વાદીએ મામલતદાર કોર્ટ એકટ કલમ–૨૩(૨)મુજબ વાદીએ રીવીજન અરજી ૨/૨૧ દાખલ કરતા મામલતદાર કોર્ટનો હુકમ નાયબ કલેકટરશ્રીએ યથાવત રાખવા ઠરાવેલ છે વાદીએ એવી હકીકત જણાવેલ છે કે,વાદીઓની જમીન મઉ ટાંડા ગામની પશ્રિમ દીશા તરફ જતા રોડ પર થઈ દક્ષિણ દીશાના સ.નં.૪૩૦(ગૌચર)માં થઈને વાદીઓ અવરજવર કરે છે અને તે જમીનમાં પ્રતિવાદી નં.૪ નાને ખેતરમાં જવાનો રસ્તો બંધ કરવામાં આવેલ છે.

વધુમાં વાદી તરફે એવી રજુઆત કરેલ છે કે,પ્રતિવાદી નં.૪ એ મામલતદાર કોર્ટમા દાખલ કરેલ દાવા અરજીમાં કહેવાતો રસ્તો કયા સર્વે નંબરમાંથી શરુ થાય છે,કેટલા સર્વે નંબરમાંથી પસાર થાય છે અને કઈ

દીશામાંથી પસાર થાય છે અને દાવાવાળો રસ્તો કેટલો પહોળો અને લાંબો છે તે હકીકત જણાવેલ નથી તેમ છતાં પ્રતિવાદી નં. ૨ અને ૩ નાએ અયોગ્ય હુકમ કરેલા છે.વાદીઓની જમીનમાંથી થઈને કોઈ રસ્તો કયારેય પસાર થયેલ નથી કે કોઈ પગદંડી ન હોવા છતાં ખોટા હુકમો કરવામાં આવેલ છે. વધુમાં એવી હકીકત જણાવેલ છે કે,આ કામના પ્રતિવાદી નં.૪ ને તેમની માલીકીના સ.નં.૨૫૬ માં જવા માટે કયારેય વાદીની જમીનમાંથી રસ્તો આવેલ નથી કે ન હતો પરંતુ સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા વર્ષોથી મઉટાંડા ગામની પશ્ચિમે જતા સ.નં.૪૩૦ ગૌચરમાં થઈને સી.સી.રોડ પર થઈને દક્ષિણ દીશા તરફે તેમના ભાઈઓની ખેતીની જમીનમાં થઈને પ્રતિવાદી નં.૪ તથા અન્ય ખેડુતો જતા આવેલા છે તેમ છતાં લાંબા અંતરથી જવુ ન પડે અને ટુંકાણ પડે તેવા ઈરાદાથી રસ્તો આવેલ છે તેવુ ઉપજાવી કાઢી નવો રસ્તો કાઢવા પ્રયત્નશીલ બનેલા છે અને ખોટા હકક ઉભા કરવા પ્રયત્ન કરેલ છે અને આ કામના પ્રતિવાદી નં.૪ ને તેમની સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા માટે વાદીની દાવાવાળી જમીનમાંથી જવા આવવા કે બળદગાડુ,હળ કે ટ્રેકટર લઈ જવા રસ્તો ન હોય અને કયારેય આવા હકક,અધિકાર ન હતા. વાદીઓના માલીકીપણાના હકકોને ગંભીર પ્રકારનુ નુકસાન જાય તેમ છે. પ્રતિવાદી નં.૪ નાઓને દાવાવાળી મીલકતમાંથી જવા માટે કયારેય રસ્તો ન હતો તેવુ ઠરાવવા તથા પ્રતિવાદી નં.૨,૩ ના હુકમના આધારે પ્રતિવાદી નં.૨, ૩ વાદીઓની જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી તેવો પરપેચ્યુઅલ પ્રોહીબીટીવ મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે.આ કામમાં પ્રતિવાદી નં.૨ અને ૩ નાએ કરેલ હુકમો ના કારણે દાવાનુ કારણ ઉભુ થયેલ છે.આ કામમાં વાદીએ ઉપરોકત દાવાની હકીકતનુ આંક-૦૬ ની મનાઈ અરજીમાં પુનરાવર્તન કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે,દાવાવાળી મીલકતમાં પ્રતિવાદી નં.૪ ના તેમના માણસો,એજન્ટો કે નોકરો પ્રવેશ કરે કરાવે નહી

કે વાદીઓના કબજા ભોગવટામાં તે ઉભા પાકમાં કે વાવેતરમાં કોઈ પણ સીધી રીતે કે આડકતરી રીતે નુકસાન હરકત,હેલો,અંતરાય કરે કરાવે નહી.

**<u>પ્રતિવાદીઓ તરફે લેખીત જવાબ</u>**

(૨) વાદીઓએ હાલનો દાવો દાખલ કરતાં અને કાયમી તથા કામચલાઉ મનાઈની માંગણી કરતા આ કામમાં સમન્સ કાઢવાનો તથા કારણદર્શક નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે.આ કામે આંક-૨૩ થી પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ લેખીત જવાબ રજુ કરી,વાદીઓના દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીનો પેરાવાઇઝ ઈનકાર કરેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે,પ્રતિવાદી નં.૨ ધ્વારા વાદીઓએ દાવાવાળી મિલકતમાં કરેલ રસ્તાના દબાણને મામલતદાર કોર્ટ કેસ નં.૨/૨૦ ના કામે તા. ૩૧.૦૩.૨૧ ના હુકમથી રસ્તો ખુલ્લો કરવા હુકમ કરવામાં આવેલ તથા સદર હુકમ વિરુઘ્ધ વાદીઓએ પ્રતિવાદી નં.૩ ની કચેરીમાં દાખલ કરેલ રીવીઝન અરજી નં.૨/૨૧ ના કામે તા.૨૨.૧૦.૨૧ ના રોજ મામલતદારશ્રીનો હુકમ કાયમ રાખેલ અને વાદીઓની રીવીઝન અરજી નામંજુર કરેલ.વધુમાં વાદીઓ હાલનો દાવો સમયમર્યાદા બહાર તથા જરુરી પક્ષકારોને જોડયા વગર દાખલ કરેલ છે તથા વાદીના દાવાની હકુમતનો બાધ નડે છે જેથી વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર ન હોય વાદીઓનો દાવો ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં આ કામમાં પ્રતિવાદી નં.૪ તરફે હાજર થઈને આંક-૨૧ થી દાવા તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરેલ છે તથા વાદીઓના દાવા અને કામચલાઉ મનાઈ હુકમની અરજીનો પેરાવાઇઝ ઈનકાર કરેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે,પ્રતિવાદી નં.૪ ની વડીલોપાર્જીત ખેતીની જમીન સ.નં.૨૩૬,૨૩૭,૨૫૬ વાળી મઉ ટાંડા(નવલપુર) ગામે આવેલી છે.આ કામમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખોટી તથા

ગેરકાયદેસરની અને ઉપજાવી કાઢેલ છે તેમજ મામલતદાર કોર્ટ એકટની જોગવાઈ હેઠળ તેમજ અન્ય કાયદાની જોગવાઈ મુજબ ટકવાપાત્ર નથી જેથી હાલનો દાવો ટકવાપાત્ર નથી.વાદીને દાવો લાવવાનુ કારણ ઉભુ થયેલ નથી અને દાવો ચલાવવા નામદાર કોર્ટને હુકુમત નથી જેથી રદ કરવા અરજ કરેલ છે.વધુમાં જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે,આ કામમાં વાદીના દાવાને સી.પી.સી,પુરાવા અધિનીયમ અને લીમીટેશન એકટના કાયદાનો બાધ નડે છે.આ કામે વાદીએ દાવામાં સાચી હકીકતો છુપાવીને દાવો રજુ કરેલ છે.દાવાવાળી મિલકત અગાઉ પડતર રહેતી હતી તે હકીકત ખોટી છે. વધુમાં જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે,ખરી હકીકતે વાદીઓની જમીનમાં વર્ષો જુનો રસ્તો આશરે સીત્તેર એંસી વર્ષથી નાળીયુ આવેલ હતુ તેનો ઉપયોગ પ્રતિવાદી નં.૪ તથા આજુબાજુના ખેડુત ખાતેદારો દરેક પ્રકારના સાધનો સાથે અવરજવર કરતા હતા પરંતુ વાદી નં.૧ અને ૨ નાએ દાવાવાળી મીલકત સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨ જુનો સ.નં.૪૨૯ વાળી જમીન વેચાણ રાખેલ ત્યારબાદ તે રસ્તો ખોદાણ કરી બંધ કરી દીધેલ અને તેમાં ફસલ વાવેલ તે બાબતે પ્રતિવાદી નં.૪ નાએ મામલતદાર કોર્ટમાં મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ મુજબ રસ્તો ખુલ્લો કરવા દાવો કરેલો.તેના આધારે મામલતદારશ્રી એટલે કે પ્રતિવાદી નં.૨ નાએ મજકુર વાદગ્રસ્ત રસ્તો દાવાવાળી મીલકતમાંથી પસાર થતો હતો તે બાબતે તલાટીશ્રી,સરપંચશ્રી,સર્કલ ઓફીસરશ્રી વીગેરેના અભિપ્રાય તેમજ ગામના અન્ય પંચોનો જવાબ નોંધેલા અને તે અભિપ્રાયમાં મજકુર રસ્તો સીતેર એસી વર્ષથી અવિરતપણે કોઈપણ અડચણ,અવરોધ કે અટકાયત વગર પ્રતિવાદી નં.૪ તથા ખેડુતો તથા ગામના રહીશો ઉપયોગ કરતા હતા તેવો પુરાવો આવતા રસ્તો ખુલ્લો કરવા મામલતદારશ્રીએ હુકમ કરેલ છે અને તે હુકમ સામે નાયબ કલેકટરશ્રીની કચેરીમાં રીવીઝન કરતા મામલતદારશ્રીનો હુકમ યથાવત રાખેલ.

વધુમાં જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે,મામલતદાર દ્વારા કરવામાં આવેલ હુકમ કાયદેસર, યોગ્ય અને વાજબી છે અને સ્પેસીફીક રીલીફ એકટ તથા ઈઝમેન્ટ રાઈટ એકટના કાયદા મુજબનો છે. વાદીએ બીજા પાસેથી મીલકત લીધેલ છે જેથી તેઓ જણાવી શકે નહી કે,તેમના સ.નં.માંથી રસ્તો પસાર થતો ન હતો.વાદીની દાવાવાળી મીલકત ખેતીની જમીન છે અને કયારેય પડતર રહેલ નથી અને આ જમીનમાં અગાઉ વાદી નં.૩ થી ૭ ના ખેતી કરતા હતા તે વખતે તેમાંથી રસ્તો પસાર થતો હતો અને સદરહુ રસ્તાનો ઉપયોગ પ્રતિવાદી નં.૪ અને બીજાઓ પણ કરતા હતા.આ કામે દાવાવાળી મીલકતમાંથી છેલ્લા સીતેર એંસી વર્ષથી પ્રતિવાદી નં.૪ નો રસ્તો પસાર થતો હતો અને વાદી નં.૧,૨ ને વેચાણ રાખી રસ્તો બંધ કરેલો છે.આ કામે મામલતદારશ્રીએ હુકમ કરી રસ્તો ખુલ્લો કરાવેલ હોવા છતાં ફરીથી વાદીઓએ આડશો મુકી રસ્તો બંધ કરી દીધેલ છે અને તે બાબતે મામલતદારશ્રી અને પોલીસ સ્ટેશનમાં અરજી પણ કરવામાં આવેલ છે અને વાદીઓ માથાભારે તત્વોનો આશરો લઈ કાયદો હાથમાં લઈ રસ્તો ઉપયોગ ન કરવા તથા અવરજવર ન કરવા પ્રતિવાદી નં.૪ ના સભ્યોને તથા મજુરોને ભયભીત કરેલ છે અને રસ્તો બંધ કરતા પ્રતિવાદી નં.૪ નાઓ તેમની ખેતીની જમીનમાં આવ જા કરી શકતા નથી કે ખેતી કરી શકતા નથી જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે તથા દાવો સાંભળવા નામ.કોર્ટને હકુમત ન હોય તેવી રજુઆત કરેલ છે.

વધુમાં હાલના દાવા કામે પ્રતિવાદી નં.૪ દ્વારા આંક–૨૫ થી સામો દાવો દાખલ કરવામાં આવેલ છે અને આ કામમાં દાવાવાળી મીલકતની ચર્તુસીમા દર્શાવવામાં આવેલ છે અને તેમાં મહદઅંશે પ્રતિવાદીએ રજુ કરેલ જવાબની હકીકતનુ પુનરાવર્તન કરેલ છે અને આંક–૨૬ થી સામી મનાઈ અરજી દાખલ કરી વાદીએ જે રસ્તો બંધ કરી દીધેલ

છે તે તાત્કાલીક ખુલ્લો કરે તેવો આજ્ઞાત્મક મનાઈ હુકમ કરવા દાદ માંગેલ છે.આ કામમાં પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે આંક-૨૧ થી જવાબ રજુ કરવામાં આવેલો છે અને તેમાં એવી હકીકત જણાવેલી છે કે,વાદીનો દાવો કાયદેસર અને ખરો ન હોય રદ થવા પાત્ર છે. વાદીના દાવાને જ્યુરીડીકશનનો બાધ નડે છે.મામલતદાર કોર્ટ અધીનીયમની કલમ-૫ મુજબ મળેલી સત્તાની રુએ દાવાનો નિકાલ મામલતદાર કચેરીના કેસ નં.૨/૨૦૨૦ થી કરવામાં આવેલ છે અને જે હુકમમાં મોજે.મઉ નવલપુર, તા.ભીલોડાના નવા સ.નં .૨૪૩ પૈકી ૧ તથા પૈકી ૨ માં આવેલ રસ્તો બંધ કરવામાં આવેલ હતો તે રસ્તો ખુલ્લો કરવા અને ભવિષ્યમાં અંતરાય ન કરવા માટે હુકમ કરવામાં આવેલ છે જે હુકમથી નારાજ થઈને નાયબ કલેકટર મોડાસાની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ જેમાં મામલતદારશ્રીનો કેસ નં.૨/૨૦૨૦ માં કરવામાં આવેલ હુકમ યથાવત રાખવામાં આવેલ છે.વધુમાં જણાવવામાં આવેલ છે કે, મામલતદાર કોર્ટ અધીનીયમની કલમ- ૨૩(૧) મુજબ આ અધીનીયમ હેઠળ મામલતદારે કરેલ કોઈ હુકમ પર અપીલ થઈ શકશે નહી તેવી જોગવાઈ છે. વધુમાં કલમ-૨૬(ખ) મુજબ કોઈ અવરોધ દુર કર્યાની અથવા કબજો છોડાવ્યાની,કબજો મળ્યાની અથવા હરકત કર્યાથી અથવા કબજો મળ્યાથી જે બાબત આગલી કાર્યવાહીનો વિષય હોય અને એવી કાર્યવાહીમાં વાદી અને તેના હીતના પુરોગામો આ અધીનીયમ હેઠળ અથવા કોઈ દીવાની કોર્ટમાં અથવા ફોજદારી કાર્યરીતી અધિનીયમના પ્રકરણ ૧૨ મુજબ પક્ષકારોએ તે સબંધમાં થઈ શકશે નહી.વધુમાં એવુ જણાવેલ છે કે, વાદીએ દાવાના કારણમાં ખોટી હકીકતો જણાવેલ છે.વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરવાની હકીકત જોતા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) વધુમાં વાદીઓ ધ્વારા આંક-૩૧ થી પ્રતિવાદીઓના દાવા

તેમજ કામચલાઉ મનાઈ હુકમની અરજીના જવાબની હકીકતના સંદર્ભમાં કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે અને આંક–૩૨ થી પ્રતિવાદી નં.૪ ના સામા દાવાનો જવાબ રજુ કરેલ છે.વધુમાં વાદીઓએ કાઉન્ટર એફીડેવીટમાં પ્રતિવાદીઓના દાવા તેમજ કામચલાઉ મનાઈ હુકમની અરજીના જવાબની હકીકતોનો ઈનકાર કરેલ છે તથા પોતાની દાવા તેમજ કામચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકતોને વળગી રહેલ છે જેથી અત્રે ફરીથી પુનરાવર્તન ટાળવા હેતુસર વાદીઓના કાઉન્ટર એફીડેવીટની હકીકતો વર્ણવેલ નથી.વધુમાં વાદીઓ તરફે પ્રતિવાદી નં.૪ ના સામા દાવાના જવાબમાં સામા દાવાની હકીકતોનો ઈનકાર કરેલ છે અને વાદીઓએ આ જવાબમાં પોતાના દાવાના હકીકતનુ પુનરાવર્તન કરેલ છે અને વધુમાં એવુ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.ર નાએ મામલતદાર કોર્ટ કેસ નં.૦૨/૨૦૨૦ માં વાદીઓના લેખીત જવાબને ઘ્યાને લીઘા વીના રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલ છે અને તેની સામે પ્રતિવાદી નં.૩ સમક્ષ રીવીજન કરતા તેમણે પ્રતિવાદી નં.ર મામલતદારશ્રીનો હુકમ યથાવત રાખેલ છે જે બંને હુકમ કાયદાથી પ્રસ્થાપીત જોગવાઈ વીરુઘ્ધના અને સ્થળ સ્થીતી વીરુઘ્ધના છે.વધુમાં પ્રતિવાદી નં.૪ નો દાવાવાળી જમીનમાં કોઈ રસ્તો આવેલ નથી તથા દાવાવાળી જમીનમાંથી બીજા કોઈ વ્યકિતઓનો પણ રસ્તો આવેલ નથી તથા વાદીઓ દાવાવાળી જમીનના માલીક અને કબજેદાર હોય,પ્રતિવાદી નં.૪ ના સામા દાવાના પેરા.૪ મુજબ દાદ મેળવવા હકકદાર ન હોય,સદરહુ સામો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૪) વધુમાં પ્રતિવાદી નં.૪ તરફે વાદીઓએ સામાદાવાના રજુ કરેલ જવાબ અંગે આંક–૩૬ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે અને વાદીઓના સામા દાવાના જવાબની હકીકતોનો પેરાવાઈઝ ઈનકાર કરેલ છે તથા પોતાના સામાદાવાની હકીકતોને વળગી રહેલ છે જેથી પુનરાવર્તન ટાળવા

હેતુસર ફરીથી અત્રે પ્રતિવાદી નં.૪ તરફે રજુ કરેલ સામાદાવાના જવાબના કાઉન્ટર એફીડેવીટની હકીકતોનો ઉલ્લેખ કરેલ નથી.

(૫) આ કામમાં વાદીઓ તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–::મૌખિક પુરાવા::–**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| (૧) | વાદી વણઝારા દીનેશભાઈ પરમાભાઇની સરતપાસ એફીડેવીટ | ૮૭ |

**–::દસ્તાવેજી પુરાવા::–**

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| (૧) | સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨ ના ૭/૧૨ ના ઉતારાની નકલ | ૮૯ |
| (૨) | ખાતા નં.૬૫૮ ના ૮–અ ની નકલ | ૯૦ |
| (૩) | મામલતદારશ્રી ભીલોડાએ કરેલ પત્ર ડી.આઈ.એલ. આર.ની નકલ | ૯૧ |
| (૪) | ડી.આઈ.એલ.આર.એ મામલતદારશ્રી ભીલોડાને કરેલ પત્રની નકલ | ૯૨ |
| (૫) | વાદી નં.૧ એ આર.ટી.આઈ.માટે આર.પી.એડી કરેલ તે પોસ્ટની રસીદ | ૯૩ |
| (૬) | બ્લોક/સર્વે નં.૨૪૩/૧ ની જમીન વેચાણથી રાખેલ તેનો અસલ વેચાણ દસ્તાવેજ | ૯૪ |
| (૭) | મોજે.મઉ ગામના નકશાની સર્ટીફાઈડ નકલ | ૯૫ |
| (૮) | મોજે.મઉ ગામના બ્લોક/સર્વે નં.૨૪૩/૧ ની માપણી શીટની સર્ટીફાઈડ નકલ | ૯૬ |
| (૯) | ફોટોગ્રાફ્સ | ૧૩૪ |
| (૧૦) | ફોટોગ્રાફ્સ | ૧૩૪ એ |
| (૧૧) | પ્રતિવાદી નં.૪ નો ખેતરના ૮–અ ના ઉતારાની નકલ | ૧૩૫ |
| (૧૨) | પ્રતિવાદી નં.૪ નો ખેતરના ૭/૧૨ ના ઉતારાની નકલ | ૧૩૫ એ |

વધુમાં ઉપરોક્ત પુરાવો પુર્ણ થયા બાદ વધુ પુરાવો રજુ કરવા વાદીઓને પુરતી તક આપેલ હોવા છતા વધુ પુરાવો રજુ કરેલ ન હોઇ,વાદીઓનો વધુ પુરાવાનો હકક બંધ કરેલ છે.

**(૬)** આ કામે પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા આંક–૧૦૯ ની કલોર્જીંગ પુરસીસથી પુરાવો રજુ કરવો નથી તેવુ જાહેર કરેલ છે.

**(૭)** આ કામમાં પ્રતિવાદી નં.૪ તરફે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–::મૌખિક પુરાવા::–**

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| (૧) | પ્રતિવાદી નં.૪ વણઝારા તેજાભાઈ કાળાભાઈની સરતપાસનું સોગંદનામુ | ૧૧૧ |
| (૨) | પ્રતિવાદી નં.૪ ના સાહેદ હીરાભાઈ દાઉદભાઈ વણઝારાની સરતપાસનું સોગંદનામુ | ૧૩૧ |
| (૩) | પ્રતિવાદી નં.૪ ના સાહેદ દશરથભાઈ છગનભાઈ વણઝારાની સરતપાસનું સોગંદનામુ | ૧૩૨ |

**–::દસ્તાવેજી પુરાવા::–**

| ક્રમ | દસ્તાવેજનુ વર્ણન | આંક |
|---|---|---|
| (૧) | મઉ ગ્રામ પંચાયતના દાખલાની સર્ટીફાઈડ નકલ | ૧૧૫ |
| (૨) | તલાટી કમ મંત્રી,મઉ ગ્રામ પંચાયતના ઠરાવની સર્ટીફાઈડ નકલ | ટે.૧૧૬ |
| (૩) | રોડ બનાવવાનો મઉ ગ્રામ પંચાયતનો ગ્રાન્ટ મંજુર થયાની સર્ટીફાઈડ નકલ | ટે.૧૧૭ |
| (૪) | વાદગ્રસ્ત રસ્તો મામલતદારશ્રીએ ખુલ્લો કરેલ તેનો ફોટો | ટે.૧૧૮ |
| (૫) | સર્કલ ઓફીસરશ્રી,ભીલોડાના અભિપ્રાયની સર્ટીફાઈડ નકલ | ૧૧૯ |

| | | |
|---|---|---|
| (૬) | સર્કલ ઓફીસરશ્રી,ભીલોડાનાએ રસ્તા અંગે કરેલ પંચનામાની સર્ટીફાઈડ નકલ | ૧૨૦ |
| (૭) | સર્કલ ઓફીસરશ્રી,ભીલોડાને પ્રતિવાદી નં.૪ નાએ આપેલ જવાબની સર્ટીફાઈડ નકલ | ૧૨૧ |
| (૮) | મામલતદારશ્રી ભીલોડાના હુકમની સર્ટીફાઈડ નકલ | ૧૨૨ |
| (૯) | પ્રતિવાદી નં.૪ ના ખેતરના ગામ નમુના ૭/૧૨ ની નકલ | ૧૨૩ |
| (૧૦) | મામલતદારશ્રી ભીલોડાના હુકમની સર્ટીફાઈડ નકલ | ૧૨૪ |
| (૧૧) | નાયબ કલેકટરશ્રીના હુકમની સર્ટીફાઈડ નકલ | ૧૨૫ |
| (૧૨) | મામલતદારશ્રીએ રસ્તો ખુલ્લો કર્યા બાબતના પંચરોજકામની નકલ | ૧૨૬ |
| (૧૩) | મઉ ગ્રામ પંચાયતના ઠરાવમાં વાદીના ભાઈની સહીવાળો આર.સી.સી.રોડ,રસ્તા બાબતેનો ઠરાવ | ૧૨૭ |

વધુમાં પ્રતિવાદી નં.૪ તરફે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આંક–૧૩૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ કોઈ પુરાવો રજુ ન કરવાનું જાહેર કરેલ છે.

(૮) હાલનો દાવો નિર્ણીત કરવા માટે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા આંક–૬૨થી નીચે મુજબના મુદાઓ કાઢવામાં આવેલા છે.

**–:મુદા:–**

| | |
|---|---|
| (૧) | શું વાદી પુરવાર કરે છે કે,દાવાવાળી મિલકતમાંથી પ્રતિવાદીનં.૪ નો કોઈ રસ્તો પસાર થતો નથી ? |
| (૨) | શુ વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી નં.૪ ને તેમની જમીનમાં જવા માટે અન્ય કોઈ વૈકલ્પિક રસ્તો આવેલો છે ? |
| (૩) | શુ વાદીના દાવાને સી.પી.સી.કલમ–૮૦ નો બાધ નડે છે ? |
| (૪) | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ? |

| | |
|---|---|
| (૫) | શુ પ્રતિવાદી સામા દાવા મુજબ કોઈ દાદ મેળવવા હકકદાર છે ? |
| (૬) | શું હુકમ અને હુકમનામુ ? |

**(૯)** ઉપરોકત મુદાઓના જવાબો નીચે પ્રમાણે આપુ છું.

| | |
|---|---|
| **(૧)** | નકારમાં, |
| **(૨)** | નકારમાં, |
| **(૩)** | નકારમાં, |
| **(૪)** | નકારમાં, |
| **(૫)** | હકારમાં, |
| **(૬)** | આખરી હુકમ મુજબ. |

**(૧૦)** વાદીઓ તરફે આંક–૧૪૩ થી રજુ લેખીત દલીલો વંચાણે લીધી તથા પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે મૌખીક દલીલો સાંભળી તથા પ્રતિવાદી નં.૪ તરફે આંક–૧૩૯ થી રજુ લેખીત દલીલો વંચાણે લીધી.

**<u>મૌખિક પુરાવા</u>**

**(૧૧)** આ કામમાં વાદી વણઝારા દીનેશભાઈ પરમાભાઈએ આંક –૮૭ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેઓએ સોગંદનામામાં પોતાના દાવા હકીકતનુ સરતપાસમાં સમર્થન આપેલ છે.હાલના સાહેદની પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે ઉલટતપાસ કરતા એવો પુરાવો રજુ કરે છે કે, ''એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર ૪ નાએ મારી વિરુધ્ધમાં મામલતદાર કોર્ટમાં દાવા નંબર ૨/૨૦૨૦ થી કેસ દાખલ કરેલો.એ વાત ખરી છે કે આ કેસમાં મામલતદારે અમારા વિરુધ્ધ હુકમ કરેલો.સાહેદ જણાવે છે કે ખોટો કરેલ છે.એ વાત ખરી છે કે આ હુકમ સામે મે નાયબ કલેકટરમાં રીવીઝન નંબર ૨/૨૦૨૧ દાખલ કરેલી.એ વાત ખરી છે કે મામલતદાર કોર્ટના

હુકમ સામે અમે જે રીવીઝન કરેલી તે નામંજુર કરેલી અને તે અગાઉનો મામલતદારનો હુકમ યથાવત રાખેલો.એ વાત ખરી નથી કે દાવા અરજીમાં મે રસ્તો ન હોવાની હકીકત ખોટી જણાવેલી છે.એ વાત ખરી છે કે મામલતદારના અને નાયબ કલેકટરના હુકમમમાં સ્થળતપાસના આધિન કરવામાં આવેલા છે.એ વાત ખરી નથી કે સોગંદનામામાં જણાવેલી હકીકત ખોટી જણાવુ છુ.''

હાલના સાહેદની પ્રતિવાદી નં.૪ તરફે ઉલટતપાસ કરતા એવો પુરાવો રજુ કરે છે કે,''એ વાત ખરી છે કે હુ મારા મઉટાંડા ગામમાં જન્મથી જ રહુ છુ.

સવાલ–તકરારી રસ્તો છે તે તમારા ઘરની સામે છે ?

જવાબ– રસ્તો જ નથી.

એ વાત ખરી છે કે હુ અનુે મારા પિતા મઉટાંડા ગામે રહીએ છીએ અને ખેતી કરીએ છીએ.એ વાત ખરી છે કે આ ગામમા મારી પાસે ખેતીની જમીનો છે.હુ ખેતી સીવાય કડીયાકામ જેવી છુટક મજુરી કરુ છુ.એ વાત ખરી છે કે મકાન બાંધવાનો કોન્ટ્રાકટ મજુરીએથી રાખીએ છીએ.એ વાત ખરી છે કે,દાવાવળી સર્વે નંબર ૨૪૩ પૈકી ૧ અને ૨ વાદી નંબર ૩ પાસેથી સને ૨૦૧૯ માં વેચાણે લીધેલી.એ વાત ખરી નથી કે આ જમીનમાં વર્ષોથી ખેતી થતી હતી.સાહેદ જણાવે છે કે પડતર રહેતી હતી.એ વાતની મને ખબર નથી કે કેટલા સમયથી જમીન પડતર હતી.એ વાત ખરી છે કે આ જમીન પડતર હોવાનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો નથી.હુ રજુ કરી શકુ નહી.આ જમીન પડતર હતી તેનો હુ આધાર રજુ કરી શકુ નહી.એ વાત ખરી છે કે સરતપાસમાં મે જમીન રાખ્યા બાદ લેવલીંગ કરેલુ તેવુ જણાવેલ છે. લેવલીંગ એટલે ખાડાટેકરા તે સીધા કરેલા અને ઈંટોના ભઠઠા હતા તે સીધા કરેલા.પેલી પાર્ટીએ એકવાર ઈંટોનો ભઠઠો પડાવેલો.મારે આ

ગામના લોકો સાથે કોઈ પણ વખતે વાદવિવાદ કે મારઝુડ થયેલ નથી.એ વાત ખરી છે કે મારે ગામના કોઈ લોકો સાથે દુશ્મનાવટ કે વેરભાવ નથી.એ વાત ખરી છે કે પ્રતિવાદી નંબર ૪ ની જમીન મારા ખેતરથી એક ખેતર છોડીને આવેલ છે.એ વાતની મને ખબર નથી કે અમે જમીન વેચાણ રાખેલી તેના પહેલા પ્રતિવાદી નંબર ૪ અમે રાખેલી જમીનમાંથી તેમના ખેતરમાં જતા હતા કે કેમ?એ વાત ખરી નથી કે આ જમીનમાં એક નાળીયું હતુ જે નાળીયામાં થી પ્રતિવાદી નંબર ૪ પોતાના બળદગાડા લઈને જતા હતા.

સવાલ–નાળીયું કોને કહેવાય?

જવાબ–બે બાજુ વાડ હોય અને વચ્ચેથી બળદગાડું લઈને જતા હોય તેને નાળીયુ કહેવાય.

નાળીયું હોય તો તેમાંથી સાયકલને એવુ બધુ જતુ હોય છે.એ વાત ખરી છે કે અમે જે મકાનમાં રહીએ છીએ તે જમીન અમારા બાપદાદાએ વેચાણ રાખેલી.કેટલા વર્ષ પહેલા રાખેલી તેની મને ખબર નથી.એ વાત ખરી છે કે અમારા મકાનની આજુબાજુમા ગૌચરની જમીન છે.એ વાત ખરી છે કે ગૌચરની જમીનમાં રહેઠાણના મકાનો આવેલા છે.ગૌચરની જમીનનો શુ ઉપયોગ થાય તેની મને જાણ નથી.મારું કોઈ મકાન ગૌચરમાં આવેલ છે કે કેમ તેની મને માહિતી નથી.એ વાત ખરી છે કે અડધી ગૌચરની જમીનમાં બાંધકામ થયેલા છે.એ વાત ખરી છે કે મે જમીન વેચાણ રાખ્યા બાદ પ્રતિવાદી નંબર ૪ નાએ રસ્તો બંધ કરવા બાબતની અરજ મામલતદારમાં કરેલી.એ વાત ખરી છે કે તે અરજી દાખલ કરતા મામલતદારે મને જવાબ રજુ કરવા નોટીસ આપેલી અને મે જવાબ રજુ કરેલો.એ વાત ખરી છે કે મામલતદાર સાહેબે રસ્તાની સ્થળતપાસ કરેલી.એ વાત ખરી નથી કે સ્થળતપાસ વખતે સ્થળનું પંચનામું કરેલુ.એ વાત ખરી નથી કે સર્કલ ઈન્સ્પેકટર તથા તલાટી કમ મંત્રીને સ્થળતપાસ કરી

પંચનામું કરવા જણાવેલ.એ વાત ખરી છે કે પંચોએ તેમાં લખાવેલ કે તેમા રસ્તો હતો.સાહેદ જણાવે છે કે લખાવનાર તેમના સગા હતા અને ખોટુ લખાવેલ છે.એ વાત ખરી નથી કે આ પંચો તેમના સગા થતા હતા તે મામલતદાર કોર્ટમાં અમે જણાવેલ નથી.એ વાત ખરી નથી કે નાયબ કલેકટર સામે રીવીઝનમાં અને હાલના દાવામાં મે એવુ જણાવેલ નથી કે પંચો પ્રતિવાદી નંબર ૪ ના સગા થાય છે.એ વાત ખરી છે કે સરતપાસના સોગંદનામામાં પંચો પ્રતિવાદી નંબર ૪ ના સગા થાય છે તેવુ જણાવેલ નથી.એ વાત ખરી છે કે મામલતદાર સાહેબે પોતે હાજર રહી રસ્તો ખુલ્લો કરાવેલ છે.એ વાત ખરી નથી કે રસ્તો ખુલ્લો કરાવ્યો તે વખતે વિડિયોગ્રાફી તથા ફોટોગ્રાફી મારી હાજરીમાં કરેલી.સાહેદ જણાવે છે કે હુ હાજર ન હતો.એ વાતની મને માહિતી નથી કે મામલતદાર આવેલા અને જે.સી.બી.થી રસ્તો ખુલ્લો કરાવેલો.એ વાત ખરી છે કે મે હાલનો દાવો તથા પ્રતિવાદી નંબર ૪ નાએ કરેલ જવાબ વાંચેલો છે.એ વાત ખરી છે કે આ જવાબમાં મામલતદારે હાજર રહી રસ્તો ખુલ્લો કરાવેલ છે તેવું જણાવેલ છે.એ વાત ખરી નથી કે રસ્તો ખુલ્લો કરાવેલ છે તે હકીકત ખોટી છે તેવુ કયાંય જણાવેલ નથી.મે કઈ અરજીમાં આવું જણાવેલ છે તેની મને ખબર નથી.એ વાત ખરી નથી કે રસ્તો ખુલ્લો કર્યા બાદ ફરીથી મે રસ્તો બંધ કરી દીધેલો.એ વાતની મને ખબર નથી કે આ રસ્તો બંધ કરવા બાબતે મામલતદાર અને પોલીસમાં પ્રતિવાદી નંબર ૪ નાએ અરજી કરેલ છે કેમ?એ વાત ખરી નથી કે મે રસ્તો ખુલ્લો કરેલો નથી.મારુ કહેવાનું એવુ થાય છે કે મામલતદાર સાહેબે રસ્તો ખુલ્લો કરેલ ત્યારબાદ અમે પ્રતિવાદી નંબર ૪ ને રોકેલ નથી અને ઘઉંના પાકમાંથી જતા હતા તો પણ રોકેલા નથી.એ વાત ખરી છે કે નામદાર કોર્ટે રસ્તો ખુલ્લો રાખવા હુકમ કરેલો.એ વાત ખરી છે કે તે હુકમ સામે અમે અપીલમાં ગયેલા.એ વાત ખરી છે કે તે અપીલ નામંજુર થયેલી.એ વાત ખરી

નથી કે આ અપીલ નામંજુર થયા બાદ પણ અમે રસ્તો ખુલ્લો કરેલો નથી.સાહેદ જણાવે છે કે રસ્તો ખુલ્લો જ છે.એ વાત ખરી છે કે કોર્ટના હુકમની અવમાનની અરજી પ્રતિવાદી નંબર ૪ ના એ કરેલી.મને એ વાતની ખબર નથી કે તે અરજીના જવાબમાં રસ્તો ખુલ્લો છે કે કેમ તે મે જણાવેલુ.એ વાત ખરી છે કે મે નામદાર કોર્ટમાં એવુ જણાવેલ નથી કે રસ્તો ખુલ્લો છે.

સવાલ–આ રસ્તો પહેલા પણ ખુલ્લો હતો અને આજે પણ ખુલ્લો છે તેવુ તમારું કહેવાનું થાય છે?

જવાબ–રસ્તો જ નથી.મામલતદાર સાહેબે ખોટો હુકમ કરેલો છે અને અમે અટકાવતા નથી.

સવાલ– હાલમાં પ્રતિવાદી નંબર ૪ તમારા ખેતરવાળા રસ્તેથી આવ–જા કરે છે?

જવાબ–ના જી.

વસાલ–રસ્તાનો બીજા કોઈ ઉપયોગ કરે તે તમને વાંધો છે?

જવાબ–રસ્તો જ નથી.

એ વાત ખરી છે કે મઉમાં ગ્રામ પંચાયત આવેલી છે.પ્રતિવાદી નંબર ૪ નાએ જવાબ રજુ કરેલો છે તેની સાથેનો દસ્તાવેજી પુરાવો મે જોયેલો નથી.એ વાતની મને ખબર નથી કે સરપંચ મઉટાંડા ગ્રામ પંચાયતે દાખલો આપેલો કે,વણજારા દીનેશ પરમાભાઈ એ સર્વે નંબર (૪૨૯) ૨૪૩ ના બંને શેઢા ઉપર રસ્તો  જુનુ પુરાણુ નાળીયું આવેલ હતુ અને આ રસ્તા ઉપર આજુબાજુના સર્વે નંબર વાળા ખેડુતો તેમના ખેતરમાં જવામાં હળ બળદગાડુ તથા ટ્રેકટરથી આ ખેડુતો તેમના ખેતરમાં આ અનાદિ અવરજવર કરતા હતા તેમજ આ રસ્તાથી મઉ ગામ તળથી મઉટાડાં તરફ જવાનો તથા આવવા માટેનો ઉપયોગ થતો હતો જે રસ્તો વણજારા દીનેશભાઈ પરમાર છેલ્લા એકાદ વર્ષથી જમીન વેચાણ રાખવાથી હાલમાં રસ્તાનું ખેડા કરી રસ્તો બંધ કરી

દીધેલ છે જે રસ્તો ખુલ્લો કરવા મેહબાન મામ સાહેબ ભીલોડાને ભલામણ કરવામાં આવેલ છે.કેસની સુનાવણીમાં હુ જતો હતો.મામલતદાર કોર્ટમાં દસ્તાવેજો રજુ થયેલા તેની નકલ મને મળેલ નથી.મારા વકીલને કોઈ નકલો મળેલી કે કેમ તેની મને ખબર નથી.મામલતદાર સાહેબે હુકમ કરેલ તે થોડો ઘણો વાંચેલો.હુ ભણેલ નથી વકીલ સાહેબે વાંચેલો.ભણેલો ૧૨ સુધી છુ વાંચતા ઓછુ આવડે છે.મામલતદાર અને નાયબ કલેકટરમાં શુ શુ રજુ થયેલુ તેની મને ખબર નથી.એ વાતની મને ખબર નથી કે મામલતદાર સાહેબે કયા દસ્તાવેજી પુરાવાના આધારે હુકમ કરેલ છે.એ વાત ખરી નથી કે કોઈ પણ હકીકત સમજયા વિના ખોટી હકીકત જણાવુ છુ કે મામલતદાર સાહેબે ખોટો હુકમ કરેલો છે. એ વાત ખરી નથી કે દાવાવાળી મીલકતમાં વર્ષોથી રસ્તો હતો અને તેનો ઉપયોગ પ્રતિવાદી નંબર ૪ તથા અન્ય લોકો ઉપયોગ કરતા હતા.એ વાતની મને ખબર નથી કે અગાઉના માલીકોએ રસ્તાનો વિરોધ કરેલો કેમ.એ વાતની મને માહિતી નથી કે આ રસ્તો પાકો કરવા તલાટી કમ મંત્રીએ ઠરાવ કરેલો છે.મખરામભાઈ પરમાભાઈ ગ્રામ પંચાયતમાં સભ્ય હતા પણ કઈ સાલમા હતા તેની મને ખબર નથી.એ વાત ખરી નથી કે તકરારી રસ્તા બાબતે મામલતદારે કરેલ હુકમ સાચો છે.એ વાત ખરી છે કે હાલમાં પણ રસ્તો ખુલ્લો છે અને ગામલોકો વાપરે છે.એ વાત ખરી નથી કે રસ્તાની જમીન ઉપર કબજો કરવા ખોટો અને ગેરકાયદેસર દાવો કરેલ છે.એ વાત ખરી નથી કે દાવામાં અને સોગંદનામામા ખોટી હકીકતો જણાવેલ છે.''

**(૧૨)** આ કામમાં પ્રતિવાદી નં.૪ વણઝારા તેજાભાઈ કાળાભાઈએ આંક–૧૧૧થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેઓએ સોગંદનામામાં પોતાના દાવા જવાબનુ સરતપાસમાં સમર્થન આપેલ છે. હાલના સાહેદની વાદીઓ તરફે ઉલટતપાસ કરતા એવો પુરાવો રજુ કરે છે કે,''એ વાત ખરી છે કે,અમો તથા આ કામના વાદીઓ એક જ સમાજના

તથા એક જ ગામના છીએ તથા તેઓ અમારા કુટુંબી થાય છે.એ વાત ખરી છે કે,દાવાવાળી જમીન મુળથી વણઝારા શંકર ગણેશ,રણછોડ ગણેશ, અવલીબેન ગણેશ,પ્રકાશ ગણેશ,તોડા લચ્છાની હતી.એ વાત ખરી છે કે,દાવાવાળી જમીન કુલ ૨ એકર ૧૦ ગુંઠાની હતી તથા આ જમીન જુની શરતની હતી.એ વાત ખરી છે કે,વાદી નં.૧ અને ૨ બંને સગા ભાઈઓ થાય છે.એ વાત ખરી છે કે,દાવાવાળી જમીન વાદી નં.૧ અને ૨ ને વણઝારા શંકર ગણેશ, રણછોડ ગણેશ, અવલીબેન ગણેશ, પ્રકાશ ગણેશ, તોડા લચ્છાનાઓએ વેચાણથી આપેલ.એ વાત ખરી છે કે,દાવાવાળી કુલ જમીન ૨ એકર ૧૦ ગુંઠામાંથી અડધી જમીન વાદી નં.૧ અને ૨ ને વેચાણથી આપેલ તથા તેઓ જમીનના માલીક અને કબજેદાર બનેલા.એ વાત ખરી છે કે,વાદી નં .૧ અને ૨ નાઓ મુળથી દાવાવાળી જમીનના માલીક નથી.એ વાત ખરી છે કે,જમીનના રેકર્ડ પર માલીકના નામ બદલાવાથી સ્થાનીક જગ્યા ઉપર જમીનની સ્થીતી બદલાય નહી.

સવાલ–વણઝારા શંકર ગણેશ,રણછોડ ગણેશ,અવલીબેન ગણેશ,પ્રકાશ ગણેશ, તોડા લચ્છાનાઓએ વાદીઓ નં.૧ અને ૨ ને અડધી જમીન વેચેલ તથા બાકીની અડધી જમીનમાં તેઓ ખેતીકામ કરે છે ?

જવાબ–વણઝારા શંકર ગણેશ,રણછોડ ગણેશ,અવલીબેન ગણેશ,પ્રકાશ ગણેશ, તોડા લચ્છાના ભાઈ લોકો બાકીની અડધી જમીનમાં ખેતીકામ કરે છે.

એ વાત ખરી છે કે,વાદી નં.૧ અને ૨ નાઓ મઉ ટાંડા ગામે બીજી પણ ખેતીની જમીનો ધરાવે છે.એ વાત ખરી છે કે,મઉ ટાંડા ગામે માતાજીના મંદીરથી ખેતરો તરફ જતાં આર.સી.સી.રોડ આવેલ છે.એ વાત ખરી છે કે,આર.સી.સી.રોડની પશ્રિમ તરફ ગૌચરની જમીન તથા ગ્રમજનોની ખેતીની જમીનો આવેલ છે.એ વાત ખરી છે કે,આર.સી.સી.રોડની દક્ષિણ તરફ વાદી નં.૧ અને ૨ ની દાવાવાળી જમીન આવેલ છે.એ વાત ખરી

છે કે,આર.સી.સી.રોડની દક્ષિણ તરફ પ્રથમ હવાડો આવેલ છે.એ વાત ખરી નથી કે,હવાડો છોડયા બાદ વાદી નં.૧ અને ૨ ની જમીન આવેલ છે,સાહેદ જણાવે છે કે,અમારો જવાનો રસ્તો આવેલ છે પછી વાદી નં.૧ અને ૨ ની જમીન આવેલ છે.એ વાત ખરી છે કે,દાવાવાળી જમીનમાં અગાઉ બોરની વ્યવસ્થા ન હતી તથા વાદી નં.૧ અને ૨ નાએ જમીન લીધા બાદ બોર બનાવેલ છે તથા બોરના પાણીથી તેઓ ખેતીકામ કરે છે.એ વાત ખરી છે કે,મધુરભાઈ લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારા અમારા કુટુંબી થાય છે.

સવાલ–વાદી નં.૧ અને ૨ ની જમીનની પશ્રિમ તરફ મધુરભાઈ લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારાની ખેતીની જમીન આવેલ છે ?

જવાબ– રસ્તો મુકયા બાદ મધુરભાઈ લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારાની ખેતીની જમીન આવેલ છે.

એ વાત ખરી છે કે,મધુરભાઈ લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારાની જમીનનો જુનો સ.નં.૪૩૧ છે તથા નવો સ.નં.૨૫૪ છે.

સવાલ–મધુરભાઈ લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારાની જમીન તથા વાદીઓની જમીન વચ્ચે ઝાડની વાડ આવેલ હતી ?

જવાબ–વાદીઓની તથા મધુરભાઈ લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારાની જમીન વચ્ચે બે છેડાની બે વાડ આવેલ હતી તથા આવવા જવાનો વચ્ચે ૨૫ ફુટનો રસ્તો આવેલ હતો.

એ વાત ખરી છે કે,મારા કાઉન્ટર કલેઈમ તથા સરતપાસના સોગંદનામામાં ૨૫ ફુટનો રસ્તો હોય તેવુ જણાવેલ નથી.એ વાત ખરી નથી કે,મારા કાઉન્ટર કલેઈમ તથા સરતપાસના સોગંદનામામાં મધુરભાઈ

લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારાની જમીન તથા વાદીઓની જમીન વચ્ચે ઝાડની વાડ આવેલ હોવાનુ જણાવેલ નથી.એ વાત ખરી છે કે,આર.સી.સી.રોડની દક્ષિણ બાજુ મધુરભાઈ લાલાભાઈ વણઝારા તથા કસ્તુરભાઈ લાલાભાઈ વણઝારાની જમીન આવેલ છે.એ વાત ખરી નથી કે,આર.સી.સી.રોડથી તેઓની જમીનમાં જાય છે.એ વાત ખરી નથી કે,મારા સરતપાસના સોગંદનામા તથા કાઉન્ટર કલેઈમમાં તકરારી રસ્તો કયા સર્વે નંબરમાંથી પસાર થઈ અમારા જમીન તરફ આવે છે તે દર્શાવેલ નથી.

સવાલ–ગણેશભાઈ વણઝારા હાલ હયાત છે ?

જવાબ–ના.

એ વાત ખરી છે કે,ગણેશભાઈ વણજારા ગુજરતા પ્રકાશભાઈ વણઝારા વીગેરેના નામ વારસ તરીકે દાખલ થયેલા છે.એ વાત ખરી નથી કે, પ્રકાશભાઈ વણઝારા વીગેરે ગામમાં રહેતા નથી અને બહાર મજુરી કરવા માટે રહે છે.એ વાત ખરી નથી કે,દાવાવાળી જમીનમાં પાણીની વ્યવસ્થા ન હોય જેથી પ્રકાશભાઈ વણઝારા અને તેના ઘરના લોકો અડધી જમીન વાવતા હતા તથા અડધી જમીન પડતર રહેતી હતી.એ વાત ખરી છે કે,સામાન્ય રીતે કોઈ જમીન ખાડા ટેકરાવાળી હોય તો તેને સમતલ કરવા પ્રયત્ન કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,દાવાવાળી જમીનમાં ઈંટવાડો પડેલ હતો.એ વાત ખરી નથી કે,વાદી નં.૧ અને ૨ નાએ જમીન સમતલ કરેલ તથા બોર બનાવેલ અને જમીન પાડોશી તરીકે મને ગમેલુ નહી. એ વાત ખરી નથી કે,મારા સરતપાસના પેરા નં.૩ ની હકીકત ખોટી જણાવેલ છે.એ વાત ખરી છે કે,મારા સરતપાસના પેરા નં.૩ માં કયા સર્વે નંબરના,કયા ગામવાસી અવરજવર કરતા હતા તેઓના નામ તથા જમીનના સર્વે નંબર જણાવેલ નથી,સાહેદ જણાવે છે કે,મેં ગ્રમવાસીઓ તથા આજુબાજુના સર્વે નંબરના લોકો અવરજવર કરતા હોવાનુ જણાવેલ છે.એ વાત ખરી છે કે,હાલમાં

શીયાળાની સીઝન છે.મેં હાલમાં મારી જમીનમાં ઘાસચારો વાવેલ છે.

સવાલ–હાલનો દાવો દાખલ થયો ત્યારથી તમો તમારી જમીનમાં ખેતી કરો છો ?

જવાબ–અમો ખેતી કરી શકતા નથી તથા અમારી જમીન પડતર પડેલ છે તથા વાદી નં.૧ અને ર નાઓ અમારી જમીનમાં જવા માટે રસ્તાનો ઉપયોગ કરવા દેતા નથી તથા ઝઘડા કરે છે.

મેં મારી જમીન પૈકી પંદર વીસ ગુંઠા જમીનમાં ઘાસચારો વાવેલ છે તથા તે સીવાયની જમીન પડતર પડેલ છે.એ વાત ખરી નથી કે,હુ છેલ્લા ચાર પાંચ વર્ષથી ઘાસચારો વાવુ છુ,સાહેદ જણાવે છે કે,હુ છેલ્લા બે વર્ષથી ઘાસચારો વાવુ છુ.

મારી કુલ–૩ સર્વે નંબરની આશરે સાડા છ એકર જમીન આવેલ છે.મારી આ જમીનો એક શેઢે બે ભાગ થઈ ભેગી આવેલ છે.એ વાત ખરી નથી કે,મારી સરતપાસના સોગંદનામાના પેરા.૪ માં જણાવેલ હકીકત ખોટી છે.હુ ભણેલો છુ અને લખી વાંચી શકુ છુ.સને ૨૦૧૯ ના સમયગાળામાં અમારા ગામના સરપંચ તરીકે અંજુબેન ધીરેન્દ્રભાઈ વણઝારા હતા તથા ધીરેન્દ્રભાઈના પિતાનુ નામ મુળાભાઈ માવસીંગભાઈ વણઝારા હતુ.એ વાત ખરી છે કે,આ મુળાભાઈ માવસીંગભાઈ વણઝારા ઘણા વર્ષો સુધી અમારા ગામના સરપંચ રહેલા તથા અમારા સમાજના આગેવાન હતા.એ વાત ખરી નથી કે,આંક–૧૧૫ વાળો મઉ ગ્રમ પંચાયતનો દાખલો સરપંચની જગ્યાએ મુળાભાઈ માવસીંગભાઈ વણઝારા લખી આપેલો.

હુ મઉ ટાંડા ગ્રામ પંચાયતમાં એક વખત સભ્ય તરીકે ચુંટાયેલો તથા તે વખતે સરપંચ તરીકે મુળાભાઈ માવસીંગભાઈ વણઝારાનાઓ હતા.એ વાત ખરી છે કે,સરપંચની કામગીરીમાં ગામનો વિકાસ તથા સરકારમાં થી ગામ માટે કામ કરાવવાનુ હોય છે.એ વાત ખરી છે કે,દરેક ગામમાં સરકાર

વતી વહીવટ કરવા માટે તલાટીની નિમણુંક કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,ગામની પરીસ્થીતી,તળાવ,રસ્તા તથા સ્થાનીક પરીસ્થીતીની માહીતી તલાટીને હોય અને રેકર્ડ જોઈ તલાટી દાખલો આપી શકે.એ વાત ખરી છે કે,તલાટી,મઉ ગ્રમ પંચાયતે અમોને કોઈ દાખલો આપેલ નથી.એ વાત ખરી છે કે,કામચલાઉ આંક–૧૧૬ તથા ૧૧૭ ના મઉ ગ્રમ પંચાયતના ઠરાવ તથા ગ્રન્ટ મંજુર થયાના દસ્તાવેજમાં વાદી નં.૧ અને ૨ નુ નામ જણાવેલ નથી.મઉટાંડા ગામે મારા પોતાના બે મકાનો એક જ જગ્યાએ આવેલા છે.હુ પશુપાલનનો વ્યવસાય કરુ છુ જે ઘર પાસે કરુ છુ.એ વાત ખરી છે કે,મારી ખેતીની જમીન પાસે હુ ઢોરઢાંખર રાખતો નથી.

સવાલ–વાદગ્રસ્ત જગ્યાએ તમારા કહેવા મુજબ રસ્તો આવેલ છે તે જગ્યાએ પંચાયતે આર.સી.સી.રોડ બનાવેલ છે ?

જવાબ– ના.

એ વાત ખરી છે કે,રસ્તા બાબતે સરકાર તરફથી કોઈ રકમ ફાળવેલ હોય તે અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા આ કામે રજુ કરેલ નથી.એ વાતની મને માહીતી છે કે,રસ્તા અંગે ઠરાવ થયેલ છે.

સવાલ–રસ્તા અંગે ઠરાવ મુજબ કામ થયેલ ન હોય તે બાબતે તમોએ કોઈ જગ્યાએ અરજી કરેલ છે ?

જવાબ–મેં તાલુકા પંચાયતમાં અરજી કરેલી.

એ વાત ખરી છે કે,મારી અરજી અંગે તાલુકા પંચાયતે કોઈ જવાબ આપેલ હોય તે અંગેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે,હુ ભણેલ હોય ૭–૧૨ ના ઉતારામાં શુ લખેલ છે તે સમજી શકુ છુ.એ વાત ખરી છે કે,સામાન્ય રીતે ૭–૧૨ ના ઉતારામાં જમીન ઉપર આવેલા રસ્તા,નાળીયા,મંદીરો,તળાવો વીગેરેનો ઉલ્લેખ હોય છે.એ વાત ખરી છે કે,તકરારી જમીન ઉપર સરકારી રસ્તો હોવા અંગે ૭–૧૨ ના

ઉતારામાં ઉલ્લેખ કરેલ નથી.

મને નિ.૨૨/૪ નો ફોટોગ્રાફ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે,વાદગ્રસ્ત જગ્યાની પશ્ચિમ બાજુ એક જ જગ્યાએ વાડ અને ઝાડ દેખાય છે તથા તે વાડને અડીને પશ્ચિમ બાજુ મધુરભાઈ લાલાભાઈની ખેતીની જમીન આવેલ છે.સદર ફોટોગ્રાફને વાદી તરફે સાહેદની ઉલટતપાસમાં રીફર કરેલ હોય સદર ફોટોગ્રાફને પાકો આંક–૧૩૪,૧૩૪(એ) આપવાનો હુકમ કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,સામાન્ય રીતે નાળીયાની બંને બાજુ વાડ હોય છે.

સવાલ–આંક–૧૩૪,૧૩૪(એ) ના ફોટોગ્રફમાં એક જ બાજુ વાડ દેખાય છે ?

જવાબ–ફોટોગ્રાફમાં એક બાજુ વાડ છે પરંતુ નાળીયામાં બંને બાજુ વાડ હતી.

એ વાત ખરી છે કે,નાળીયાની જમીનનુ લેવલ આજુબાજુની ખેતીની જમીનથી નીચેનુ સામાન્ય રીતે હોય છે.એ વાત ખરી છે કે,આંક–૧૩૪,૧૩૪(એ) વાળા ફોટોગ્રાફમાં ખેતરની જમીન તથા નાળીયાની જમીનનુ લેવલ એક જેવુ દેખાય છે.એ વાત ખરી છે કે,આંક–૧૩૪,૧૩૪(એ) ના ફોટોગ્રાફ સાથેના બીજા ફોટોગ્રાફમાં ઘઉનુ વાવેતર જણાય છે તથા ઘઉ આશરે દોઢથી બે ફુટના જણાય છે.એ વાત ખરી છે કે,મેં રજુ કરેલા બે ફોટોગ્રાફસ કેવી રીતે,કોણે,કયા મોબાઈલ કે કેમેરાથી પાડેલ છે તે ફોટોગ્રાફસ સાથે કોઈ હકીકત રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે,મેં આ ફોટોગ્રાફસ સાથે એવીડન્સ એકટની કલમ–૬૫(બી) નુ સર્ટીફીકેટ રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે,સામાન્ય રીતે ખેતીકામમાં પાકના રક્ષણ માટે વાડ કરતા હોય છે.એ વાત ખરી છે કે,તકરારી રસ્તા અંગે અમારા ગામમાં મારા સીવાય બીજા કોઈ વ્યકિતએ દાવો કરેલ નથી.

મને નિ.૨૨/૯ થી રજુ ખાતા નં.૧૪૩ ના ૭/૧૨,૮–અ ના ઉતારા બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે,મેં મારી હયાતી દરમીયાન મારી

પત્ની તથા સંતાનોની વારસાઈ કરાવેલ છે તથા તેઓના નામ પણ મારા સાથે ચાલે છે.સદર દસ્તાવેજને વાદી તરફે રીફર કરેલ હોય જેથી સદર દસ્તાવેજને આંક-૧૩૫,૧૩૫(એ)આપવાનો હુકમ કરવામાં આવે છે.એ વાત ખરી છે કે,હાલના દાવા કામે આંક-૧૩૫,૧૩૫(એ) વાળા ૭/૧૨,૮-અના ઉતારામાં દર્શાવેલ મારા સીવાયના બીજા ખાતેદારોને હાલના દાવા કામે પક્ષકાર તરીકે મેં જોડેલા નથી.એ વાત ખરી છે કે,મેં વાદીઓ વિરુધ્ધ તકરારી રસ્તામાં અવરોધ કરવા અંગે પો.સ્ટે.માં કરેલ અરજી બાબતનો પુરાવો આ કામે રજુ કરેલ નથી.એ વાત ખરી છે કે,મારા જવાબ તથા કાઉન્ટર કલેઈમમાં આ કામના વાદીઓ કયારે,કઈ તારીખે,કોની સાથે તથા કોણ કોણ મને કે મારા મજુરોને કામ કરવા અંગે હથીયારો ધારણ કરી ભયભીત કરેલ હોય તે અંગેની કોઈ હકીકત મારા જવાબ તથા કાઉન્ટર કલેઈમમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે,સામાન્ય રીતે કોઈ જમીન ખરીદ કરતા પહેલા જમીનની ચર્તુદીશા તથા અડોશપડોશમાં કોણ છે તથા જમીન કેવી છે તે અંગે લોકો તપાસ કરતા હોય છે તથા ખેતીની જમીનમાંથી કોઈ રસ્તો પસાર થતો હોય તો રસ્તો કયાંથી કયાં સુધી પસાર થાય છે તેની તપાસ કરતા હોય છે.એ વાત ખરી નથી કે,મારા કાઉન્ટર કલેઈમમાં મેં તકરારી જગ્યાની તથા મારી જગ્યાની કોઈ ચર્તુદીશા દર્શાવેલ નથી.

હુ સામાન્ય રીતે મારા ખેતરમાં દીવસમાં આશરે ત્રણથી ચાર વખત કામ અર્થે જાવ છુ.એ વાત ખરી છે કે,મેં મારા દાવા જવાબ તથા કાઉન્ટર કલેઈમ સાથે બનાવના અરસામાં મારી જમીનમાં કયુ વાવેતર હતુ તથા કેટલુ નુકસાન થયેલ તે અંગેનો કોઈ લેખીત આધાર પુરાવો આ કામે મેં રજુ કરેલ નથી.

સવાલ-તમારા કાઉન્ટર કલેઈમમાં તમોએ તકરારી જગ્યા ઉપર રસ્તો આવેલ છે તે ઠરાવવાની જ ફકત દાદ માંગેલ છે ?

જવાબ–અમોએ તકરારી જગ્યાએ રસ્તાનો ઉપયોગ કરવા હકક અધિકાર હોવા અંગે તથા રસ્તો ઠરાવવા તથા દાવાનો આખરી નીકાલ ના આવે ત્યા સુધી ખુલ્લો કરવાની તથા કોર્ટને યોગ્ય લાગે તેવી દાદ મંજુર કરવા દાદ માંગેલ છે.

એ વાત ખરી નથી કે,મારા કાઉન્ટર કલેઈમનો વાદીઓએ આપેલ જવાબ સાચો છે.એ વાત ખરી છે કે,મારા આંક–૧૧૧ ના સરતપાસના સોગંદનામામાં પેરા.૮ માં વાદીઓને દાવા અરજીમાં માંગેલ દાદ મેળવવા તેઓ હકકદાર નથી તથા વાદીઓનો દાવો તેમજ મનાઈ અરજી ખર્ચ સહીત રદ થવા પાત્ર છે તથા વાદીઓ પાસેથી ખર્ચ અપાવવાની દાદ માંગેલ છે.એ વાત ખરી છે કે,મારા આંક–૧૧૧ ના સરતપાસના સોગંદનામામાં મારા કાઉન્ટર કલેઈમમાં માંગેલ દાદનો મેં ઉલ્લેખ કરેલ નથી.

મુળજીભાઈ મોરસીંગભાઈ વણઝારા મારા ભત્રીજા થાય છે.એ વાત ખરી છે કે,તેઓ ઘણા વર્ષ સુધી સરપંચ રહેલા છે તથા તેઓને સરપંચ તરીકે સરકારી કચેરીઓમાં અધીકારીઓ તથા કર્મચારીઓમાં ઓળખાણ છે.એ વાત ખરી નથી કે,વાદગ્રસ્ત જગ્યા ઉપર મારા કહેવા મુજબ કોઈ રસ્તો આવેલ નથી તથા મારા દાવા જવાબ તથા કાઉન્ટર કલેઈમમાં ખોટી હકીકતો દર્શાવી રસ્તા અંગે ખોટી દાદ માંગેલ છે.એ વાત ખરી નથી કે,મારા આંક–૧૧૧ ના સરતપાસના સોગંદનામામાં સહી કર્યા સીવાય હુ બીજુ કઈ જાણતો નથી.''

**(૧૩)** આ કામમાં પ્રતિવાદી નં.૪ ના સાહેદ હીરાભાઈ દાઉદભાઈ વણઝારાએ આંક–૧૩૧ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેઓએ સોગંદનામામાં પોતાના દાવા જવાબનુ સરતપાસમાં સમર્થન આપેલ છે.હાલના સાહેદની વાદીઓ તરફે ઉલટતપાસ કરતા એવો પુરાવો રજુ કરે છે કે,''હુ ખેતીકામ કરુ છુ.મારે મઉટાંડા ગામે બે એકર જેટલી જમીન આવેલ છે.મને સર્વે નંબર યાદ નથી.એ વાત ખરી છે કે,મારા સરતપાસના

સોગંદનામામાં મારી જમીનના સર્વે નંબર અને ખાતા નંબર જણાવેલા નથી.એ વાત ખરી છે કે,તેજાભાઈ,દીનેશભાઈ,આકેશભાઈ અમારા સમાજના અને ગામના છે.મને તેજાભાઈની જમીન કેટલી છે તથા તેનુ ક્ષેત્રફળ કેટલુ છે તેની ખબર નથી,સાહેદ જણાવે છે કે,તેઓની જમીન અમારી જમીનની બાજુમાં આવેલ છે.

સવાલ—તમારા સોગંદનામામાં જણાવેલ સર્વે નંબર તમે લખાવેલ છે કે તેજાભાઈએ લખાવેલ છે ?

જવાબ—સર્વે નંબર મે લખાવેલ છે પણ હાલ યાદ નથી.

એ વાત મને હાલ યાદ નથી કે,તેજાભાઈના કુલ કેટલા સર્વે નંબરની કેટલી જમીન આવેલી છે.એ વાત મને હાલ યાદ નથી કે,તેજાભાઈએ કયા સર્વે નંબરની જમીન અંગે કાઉન્ટર દાવો કરેલ છે.એ વાતની મને ખબર છે કે,દીનેશભાઈ અને આકેશભાઈ બંને ભાઈઓ છે અને તેઓએ શંકરભાઈ ગણેશભાઈના પરીવાર પાસેથી જમીન વેચાતી રાખેલ છે.એ વાત ખરી નથી કે,દીનેશભાઈ અને આકેશભાઈએ જમીન વેચાણ રાખી તે પહેલા શંકરભાઈ ગણેશભાઈના પરીવારના લોકો જમીન વાવતા ન હતા અને જમીન પડતર હતી.એ વાત ખરી નથી કે,આ જમીનમાં પહેલા ઈંટોનો ભઠ્ઠો હતો.એ વાતની મને ખબર નથી કે,વાદીની જમીનની ચર્તુદીશા શુ છે.એ વાત ખરી છે કે,મારા સોગંદનામામાં તકરારી રસ્તામાંથી અન્ય ખેડુતો અવરજવર કરતા હતા તે અન્ય ખેડુતોના નામ જણાવેલ નથી.એ વાત ખરી છે કે,વાદીની જમીનની આજુબાજુ વણઝારા સમાજના લોકોની જમીન આવેલ છે અને ગામના હોય હુ તેઓને ઓળખુ છુ.એ વાત ખરી નથી કે,મારા સોગંદનામામાં પેરા નં.ર માં જણાવેલ હકીકત ખોટી છે.એ વાત ખરી છે કે,હાલના પ્રતિવાદી નં.૪ તેજાભાઈએ દીનેશભાઈ વિરુધ્ધ કઈ કોર્ટમાં ,કયારે,કઈ બાબતે દાવો કરેલ તેની મને જાતમાહીતી નથી.એ વાત ખરી

છે કે,તેજાભાઈ મારા કુટુંબી ભાઈ થાય છે અને તેમની સાથે મારે સારા સબંધ છે.

સવાલ–વાદી દીનેશભાઈએ તમારા કહેવા મુજબ રસ્તો બંધ કરેલ તો તમે પછી કયા રસ્તે થઈ તમારી જમીનમાં જતા હતા ?

જવાબ–આજુબાજુ અમારા સમાજના લોકોની જમીન હોય બીજેથી અમે અમારા ખેતરમાં જતા હતા.

એ વાત ખરી છે કે,પ્રતિવાદી નં.૪ તથા અમો તથા ગામના લોકો તકરારી રસ્તા સીવાય અન્ય રસ્તેથી પોતપોતાના ખેતરમાં જઈ શકે તેમ છે.એ વાત ખરી છે કે,મેં તકરારી રસ્તા અંગે કોઈ અરજી કે દાવો કરેલ નથી.એ વાત ખરી છે કે,મારા સોગંદનામામાં વકીલ સાહેબે મારુ નામસરનામુ પુછેલ તથા સોગંદનામાની વિગત તેઓએ લખેલી.એ વાત ખરી છે કે,હાલનો દાવો કોણે,કોના ઉપર,કઈ બાબતે કરેલ છે તેની મને જાતમાહીતી નથી.એ વાત ખરી છે કે,તેજાભાઈએ મને કોર્ટમાં આવવાનુ કહેતા અને અમે કહીએ તેમ જણાવવાનુ કહેતા હુ કોર્ટમાં આવેલ છુ.''

**(૧૪)** આ કામમાં પ્રતિવાદી નં.૪ ના સાહેદ દશરથભાઈ છગનભાઈ વણઝારાએ આંક–૧૩૨ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે અને તેઓએ સોગંદનામામાં પોતાના દાવા જવાબનુ સરતપાસમાં સમર્થન આપેલ છે.હાલના સાહેદની વાદીઓ તરફે ઉલટતપાસ કરતા એવો પુરાવો રજુ કરે છે કે,''હુ ખેતીકામ કરુ છુ.મારે મઉટાંડા ગામે સાત એકર જેટલી જમીન આવેલ છે.મારી જમીનના જુના સર્વે નંબર–૪૨૭,૪૩૧ છે.એ વાત ખરી છે કે,મારા સરતપાસના સોગંદનામામાં મારી જમીનના સર્વે નંબર અને ખાતા નંબર જણાવેલા નથી.એ વાત ખરી છે કે,તેજાભાઈ,દીનેશભાઈ,આકેશભાઈ અમારા સમાજના અને ગામના છે તથા તેઓને સારી રીતે ઓળખુ છુ.તેજાભાઈની અમારા ગામમાં કુલ ૧૧ એકર જેટલી જમીન આવેલ છે તથા

મને તેઓના સર્વે નંબર યાદ નથી.એ વાત ખરી છે કે,તેજાભાઈની જમીન અલગ અલગ આવેલ છે.એ વાતની મને ખબર છે કે,દીનેશભાઈ અને આકેશભાઈ બંને ભાઈઓ છે અને તેઓએ શંકરભાઈ ગણેશભાઈના પરીવાર પાસેથી જમીન વેચાતી રાખેલ છે.

સવાલ–દીનેશભાઈની જમીનની આજુબાજુ શુ આવેલ છે તેની ખબર છે ?

જવાબ–દીનેશભાઈની જમીનની પહેલા ગૌચર તથા ઉત્તર–દક્ષિણ દીશાનુ નાળીયુ તથા તેજાભાઈની જમીન આવેલ છે.

એ વાત ખરી છે કે,મારા સોગંદનામામાં તકરારી રસ્તામાંથી અન્ય ખેડુતો અવરજવર કરતા હતા તે અન્ય ખેડુતોના નામ જણાવેલ નથી.

તેજાભાઈએ રસ્તા બાબતે ભીલોડા પો.સ્ટે.માં પાંચેક વર્ષ પહેલા દીનેશભાઈ અને રાકેશભાઈ વિરુધ્ધ કેસ કરેલો.એ વાત ખરી છે કે,મઉ ટાંડા ગામે વણઝારા સમાજના લોકો રહે છે અને હુ તેઓને ઓળખુ છુ.એ વાત ખરી છે કે,તેજાભાઈ મારા કુટુંબી દાદા થાય છે અને તેમની સાથે મારે સારા સબંધ છે.એ વાત ખરી નથી કે,તકરારી રસ્તો બંધ હોવાથી અમારી જમીનમાં બીજા રસ્તે થઈ જઈ શકાય છે.એ વાત ખરી છે કે,મેં તકરારી રસ્તા અંગે કોઈ અરજી કે દાવો કરેલ નથી.એ વાત ખરી નથી કે,મારા સોગંદનામામાં પેરા નં.ર માં જણાવેલ હકીકત ખોટી છે.એ વાત ખરી છે કે,મારા સોગંદનામામાં છેલ્લા પેરામાં જણાવ્યા મુજબ વાદીએ કયારે આડશ ઉભી કરેલી,રસ્તો ખોદી નાંખેલ અને પાણી બંધ કરેલ તથા વારંવાર રસ્તો બંધ કરે છે અને મન થાય ત્યારે રસ્તો ખોલી નાખે છે તે હકીકત અંગે ચોકકસ તારીખ જણાવેલ નથી.એ વાત ખરી છે કે,સોગંદનામા અંગે વકીલ સાહેબે મારુ નામ સરનામુ પુછેલ અને મેં જણાવેલ.એ વાત ખરી નથી કે,હાલનો દાવો કોણે,કોના ઉપર, કઈ બાબતે કરેલ છે તેની મને જાતમાહીતી નથી,સાહેદ જણાવે છે કે, તેજાભાઈએ દીનેશભાઈ ઉપર રસ્તા બાબતે દાવો કરેલ છે.એ વાતની

મને ખબર છે કે,દીનેશભાઈએ તેજાભાઈ વિરુધ્ધ રસ્તા બાબતે દાવો કરેલ છે.એ વાત ખરી નથી કે,તેજાભાઈએ મને કોર્ટમાં આવવાનુ કહેતા અને અમે કહીએ તેમ જણાવવાનુ કહેતા હુ કોર્ટમાં આવેલ છુ.એ વાત ખરી નથી કે,તેજાભાઈ સાથે મારા સારા સંબંધ હોય તથા સ્થળ ઉપર કોઈ રસ્તો ન હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.''

**(૧૫)** સદર કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા વાદીઓએ તથા પ્રતિવાદીઓએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ વંચાણે લેવી જરુરી છે જે નીચે મુજબ છે.

**કલમ–૧૦૧ :– પુરાવાનો ભાર કે બોજો –**

જો કોઈ વ્યકિત એવી આશા રાખતી હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોના પુરાવાના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરતા અથવા જવાબદારી વિશે કોર્ટ ફેસલો આપે તો તે તેણે પુરવાર કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.કોઈ વ્યકિત કોઈ હકીકતના અસ્તિત્વને પુરવાર કરવા બંધાયેલી હોય,ત્યારે પુરાવાનો ભાર કે બોજો તેના ઉપર છે, એમ કહેવાય.

**દ્રષ્ટાંત–(બી) :** 'એ' જે હકીકતો ભારપૂર્વક કહે છે તેનો 'બી' ઈન્કાર કરે છે, તે સાચી હોવાને કારણે કોર્ટ 'બી' ના કબજાની અમુક જમીનનો પોતે હકદાર છે એવો ચુકાવો આપે એવું 'એ' ઈચ્છે છે. એ હકીકતોનું અસ્તિત્વ 'એ' એ પુરવાર કરવું પડશે.

ઉપરોકત કલમની જોગવાઈ વંચાણે લેવામાં આવે તો વાદીઓ ઉપર એ હકીકત પુરવાર કરવાની જવાબદારી રહેલ છે કે,દાવાવાળી જમીન તેઓની માલીકી અને કબજા ભોગવટાની છે તથા દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓના કથન મુજબ કોઈ રસ્તો આવેલ નથી તથા પ્રતિવાદી નં.૪ અને આજુબાજુના ખેતર પડોશીઓને તેઓના ખેતરમાં અવરજવર માટે વૈકલ્પીક

રસ્તો આવેલ છે તથા પ્રતિવાદી નં.૪ નાઓ ખોટી અને ગેરકાયદેસર રીતે વાદીઓની જમીનમાં પસાર થવા માટે રસ્તાની માંગણી કરેલ છે.વધુમાં પ્રતિવાદીઓ ઉપર એ હકીકત પુરવાર કરવાની જવાબદારી રહેલ છે કે, દાવાવાળી જમીનમાં છેલ્લા સીતેર–પંચોતેર વર્ષથી પ્રતિવાદી નં.૪ ની જમીનમાં જવા માટે નાળીયાનો રસ્તો આવેલ છે તથા વાદીઓ ધ્વારા સદરહુ રસ્તામાં ખેડકામ કરી,રસ્તો ખોદી નાંખેલ છે અને પ્રતિવાદી નં.૪ તથા આજુબાજુના ખેતર પડોશીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાયત કરેલ છે તથા પ્રતિવાદી નં.ર નાએ સદરહુ રસ્તો તેઓ સમક્ષના મામલતદાર કોર્ટ કેસ નં.૦ર/૨૦૨૦ ના હુકમથી ખુલ્લો કરેલ અને પ્રતિવાદી નં.૩ નાએ સદરહુ હુકમ વાદીઓએ દાખલ કરેલ રીવીઝન અરજીના કામે કાયમ રાખેલ તથા વાદીઓ પ્રતિવાદી નં.૪ અને બીજા ખેતર પડોશીઓને રસ્તાનો ઉપયોગ કરતા અટકાયત કરવા હકકદાર નથી.

**(૧૬) <u>મુદ્દા નં.૧ થી ર ની સંયુકત ચર્ચા</u> :–**

હાલના દાવા કામે વાદીઓ તરફે રજુ થયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા,વાદીઓએ તેઓની દાવા અરજીમાં જણાવ્યા મુજબ મોજે.મઉટાંડા ગામની સીમના સ.નં.ર૪૩ પૈકી ૧ અને ર જેના જુના સ.નં.૪ર૯ છે તે અને જેનુ ક્ષેત્રફળ ૦–૪૫–૪ર છે તે વાદી નં.૧, ર ના એ વાદી નં.૩ થી ૭ પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૩૭/૧૯ વેચાણ અવેજની રકમ રુપીયા એક લાખ ચુકવીને વેચાણ રાખેલ છે અને માલીક બનેલા છે અને તેઓએ જમીન વેચાણ રાખી તે પહેલા આ મિલકત પડતર પડી રહેલ હોય ખેતીલાયક બનાવેલ અને લેવલીંગ કરી હાલમાં ખેતી કરે છે તથા વાદીના સ.નં.ર૪૩ વાળી મિલકત આ કામમાં દાવાવાળી મીલકત છે. વાદીએ એવી હકીકત જણાવેલ છે કે,પ્રતિવાદી નં.૪ ની જમીન વાદી નં.૧,ર ની જમીનની દક્ષિણે તથા પ્રતિવાદી નં.૪ ના ભાઈ મધુરભાઈ લાલાભાઈ

અને કસ્તુરભાઈ લાલાભાઈની જમીન સ.નં.૨૫૪,જેના જુના સ.નં.૪૩૧ વાળી વાદી નં.૧,૨ ની જમીન પશ્ચિમે આવેલી છે અને તેની પછી વાડ આવેલ છે અને ત્યાંથી પ્રતિવાદી કે અન્ય કોઈ ખેડુતને અવરજવર માટેનો રસ્તો આવેલ નથી કે હતો નહી અને ખેતરમાંથી થઈને કોઈ પણ રસ્તો અસ્તિત્વમાં હતો નહી કે છે નહી અને આવો રસ્તો ગામના નકશામાં દર્શાવેલ નથી.આ કામના પ્રતિવાદી નં.૪ ને તેની માલીકીના સ.નં.૨૫૬ વાળી જમીનમાં અવરજવર કરવાનો રસ્તો દાવાવાળી જમીનમા થઈને આવેલ નથી કે આવો રસ્તો સ્થળ પર અસ્તિત્વમાં નથી.વધુમાં આ કામના પ્રતિવાદી નં.૪નાએ તેઓની માલીકીના સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા આવવા માટે તેમજ બળદ,હળ,ગાડુ,ટ્રેકટર વગેરે લઈ જવા માટેનો રસ્તો દાવાવાળી મિલકતમાં આવેલ છે તેવુ જણાવીને રસ્તો ખુલ્લો કરાવવા મામલતદાર કોર્ટ એકટ હેઠળ કેસ નં.૨/૨૦ થી અરજી કરેલી અને તેમાં વચગાળાનો મનાઈ હુકમ તા.૧૦.૦૭.૨૦૨૦ ના રોજ ફરમાવવામાં આવેલ.આ કામમાં વાદીને તે દાવામા નોટીસ બજતાં મામલતદાર કોર્ટમાં હાજર થઈને વિગતવારનો સંપુર્ણ હકીકતો દર્શાવી જવાબ રજુ કરેલ અને તે ધ્યાનમાં લીધા સીવાય મામલતદાર કોર્ટે રસ્તો ખુલ્લો કરવાનો હુકમ તારીખ.૩૧.૦૩.૨૧ ના રોજ કરેલો.ત્યારબાદ વાદીએ મામલતદાર કોર્ટ એકટ કલમ–૨૩(૨)મુજબ વાદીએ રીવીજન અરજી ૨/૨૧ દાખલ કરતા મામલતદાર કોર્ટનો હુકમ નાયબ કલેકટરશ્રીએ યથાવત રાખવા ઠરાવેલ છે.વધુમાં વાદીએ એવી હકીકત જણાવેલ છે કે,વાદીઓની જમીન મઉ ટાંડા ગામની પશ્ચિમ દીશા તરફ જતા રોડ પર થઈ દક્ષિણ દીશાના સ.નં.૪૩૦(ગૌચર)માં થઈને વાદીઓ અવરજવર કરે છે અને તે જમીનમાં પ્રતિવાદી નં.૪ નાને ખેતરમાં જવાનો રસ્તો બંધ કરવામાં આવેલ છે.વધુમાં વાદી તરફે એવી રજુઆત કરેલ છે કે,પ્રતિવાદી નં.૪એ મામલતદાર કોર્ટમા દાખલ કરેલ દાવા અરજીમાં કહેવાતો રસ્તો કયા સર્વે નંબરમાંથી શરુ થાય છે,કેટલા સર્વે નંબરમાં

થી પસાર થાય છે અને કઈ દીશામાંથી પસાર થાય છે અને દાવાવાળો રસ્તો કેટલો પહોળો અને લાંબો છે તે હકીકત જણાવેલ નથી તેમ છતાં પ્રતિવાદી નં. ૨ અને ૩ નાએ અયોગ્ય હુકમ કરેલા છે.વાદીઓની જમીનમાંથી થઈને કોઈ રસ્તો કયારેય પસાર થયેલ નથી કે કોઈ પગદંડી ન હોવા છતાં ખોટા હુકમો કરવામાં આવેલ છે તથા આ કામના પ્રતિવાદી નં.૪ ને તેમની માલીકીના સ.નં .૨૫૬ માં જવા માટે કયારેય વાદીની જમીનમાંથી રસ્તો આવેલ નથી કે ન હતો પરંતુ સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા વર્ષોથી મઉટાંડા ગામની પશ્ચિમે જતા સ.નં.૪૩૦ ગૌચરમાં થઈને સી.સી.રોડ પર થઈને દક્ષિણ દીશા તરફે તેમના ભાઈઓની ખેતીની જમીનમાં થઈને પ્રતિવાદી નં.૪ તથા અન્ય ખેડુતો જતા આવેલા છે તેમ છતાં લાંબા અંતરથી જવુ ન પડે અને ટુંકાણ પડે તેવા ઈરાદાથી રસ્તો આવેલ છે તેવુ ઉપજાવી કાઢી નવો રસ્તો કાઢવા પ્રયત્નશીલ બનેલા છે અને ખોટા હકક ઉભા કરવા પ્રયત્ન કરેલ છે અને આ કામના પ્રતિવાદી નં.૪ ને તેમની સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા માટે વાદીની દાવાવાળી જમીનમાંથી જવા આવવા કે બળદગાડુ,હળ કે ટ્રેકટર લઈ જવા રસ્તો ન હોય અને કયારેય આવા હકક,અધિકાર ન હતા.વાદી તરફે તેઓના મૌખીક પુરાવામાં ઉપરોકત હકીકતને સમર્થનકારી હકીકત જણાવેલ છે પરંતુ વાદીઓ તરફે રજુ થયેલા આંક–૯૧,૯૨,૯૫ અને ૯૬ ના દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈએ તો,વાદીઓ તરફે ડી.આઈ.એલ.આર. કચેરી,અરવલ્લીના પત્રમાં જણાવ્યા મુજબ દાવાવાળી જમીન તેમજ સ.નં .૨૫૪ અને ૨૫૫ ની વચ્ચે જુના અને નવા નકશાની ચકાસણી કર્યા બાદ રસ્તો પસાર થતો ન હોવાનુ જણાવેલ હોય તથા મઉ ગામના નકશા અને ડી.આઈ.એલ.આર.કચેરીની માપણી શીટમાં દાવાવાળી મિલકતને અડીને કહેવાતો કોઈ તકરારી રસ્તો આવેલ ન હોવાનુ જણાઈ આવતુ હોવાની રજુઆત કરેલ છે પરંતુ સદરહુ ડી.આઈ.એલ.આર.કચેરીના કોઈ સાહેદને વાદીઓ

તરફે તપાસી,ડી.આઈ.એલ.આર.કચેરીના ઉપલબ્ધ દાવાવાળી મિલકત અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરાવેલ નથી જેથી આંક–૯૨ ના ડી.આઈ.એલ.આર.કચેરીના પત્ર તેમજ આંક–૯૫ અને ૯૬ ના નકશા અને માપણીશીટની હકીકત વાદીઓ તરફે પુરવાર કરી શકેલ નથી.વધુમાં વાદીઓ તરફે રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી આ કામના પ્રતિવાદી નં.૪ ને તેઓની ખેતીની જમીનમાં અવરજવર કરવા માટે કહેવાતા તકરારી રસ્તા ઉપરાંત વૈકલ્પીક બીજો રસ્તો ઉપલબ્ધ હોય તથા સદરહુ વૈકલ્પીક રસ્તાથી તેઓના ખેતરમાં અવરજવર કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ હોય તે અંગેનો કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી.વધુમાં વાદીઓ તરફે તેઓની માલીકી અને કબજાભોગવટાની જમીનના કોઈ ખેતર પાડોશીઓને તપાસેલ નથી તથા વાદીઓ તરફે તેઓના કેસની હકીકત પુરવાર કરવા માટે પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં વધુ કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી.

વધુમાં પ્રતિવાદી નં.૪ તરફે રજુ થયેલ આંક–૧૧૯ થી ૧૨૨ સુધીના મામલતદાર,ભીલોડાના રુબરુના કલમ–૫ મુજબના કેસ નં.૨/૨૦ ના કામે દાવાવાળી મિલકત તથા સ.નં. ૨૫૪ અને ૨૫૫ ની વચ્ચે આવેલ નાળીયાનો રસ્તો વાદીઓ દ્વારા બંધ કરેલ હોય જે ખુલ્લો કરાવવા કરેલ પંચ રોજકામ તથા જવાબો તેમજ આંક–૧૨૪ અને ૧૨૫ થી રજુ મામલતદાર કોર્ટ એકટ કલમ–૫ મુજબના કેસ નં.૨/૨૦ ના કામેનો હુકમ તેમજ વાદીઓ દ્વારા સદરહુ હુકમ વિરુધ્ધ દાખલ કરેલ મામલતદાર કોર્ટ એકટ કલમ–૨૩(૨) મુજબની રીવીઝન અરજીના હુકમને ધ્યાને લેતા,દાવાવાળી જમીન અને સ.નં. ૨૫૪ અને ૨૫૫ ની વચ્ચે આવેલ નાળીયાનો રસ્તો વાદીઓ દ્વારા બંધ કરેલ હોય જેને ખુલ્લો કરવા હુકમ કરવામાં આવેલ અને સદરહુ હુકમ રીવીઝન અરજીમાં નાયબ કલેકટર દ્વારા કાયમ રાખવામાં આવેલ છે.વધુમાં વાદીઓ

તરફે સદરહુ નાયબ કલેકટરના હુકમ વિરુધ્ધ રેવન્યુ ઓથોરીટી આગળ કોઈ અપીલ કે રીવીઝન કરેલ નથી તથા સદરહુ નાયબ કલેકટરના હુકમ અંગે કોઈ તકરાર લીધેલ નથી જેથી દાવાવાળી જમીનમાંથી પસાર થતાં નાળીયાના રસ્તા અંગે મામલતદાર,ભીલોડા ધ્વારા કરેલ હુકમ અને કાર્યવાહી ન્યાયી હોવાનુ જણાય છે,જેથી વાદીઓ ધ્વારા તેઓની માલીકીની સ.નં.૨૪૩ પૈકી ૧ ,પૈકી ૨ તથા સ.નં.૨૫૪ અને ૨૫૫ વચ્ચેના નાળીયાના રસ્તામાં દબાણ કરી બંધ કરેલ અને સદરહુ રસ્તો મામલતદારશ્રી ધ્વારા ખુલ્લો કરવામાં આવેલ તથા સદરહુ હુકમ નાયબ કલેકટર ધ્વારા કાયમ રાખવામાં આવેલ જેથી દાવાવાળી જમીન ઉપર કહેવાતો તકરારી રસ્તો આવેલ હોવાનુ જણાઈ આવે છે તથા પ્રતિવાદી નં.૪ ને વૈકલ્પીક રસ્તો ઉપલબ્ધ હોય તેવી હકીકત વાદીઓ ધ્વારા પુરવાર કરી શકેલ ન હોય,જેથી **મુદા નં.૧ અને ૨** નો જવાબ આથી **નકાર**માં આપવામાં આવે છે.

**(૧૭) <u>મુદ્દા નં.૩ ની ચર્ચા</u> :–**

મુદા નં.૩ ની વિગતે વાદીઓના દાવાને સી.પી.સી.કલમ–૮૦ મુજબનો બાધ નડે છે કે કેમ ? તે અંગે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા તા.૧૪.૦૨.૨૨ ના રોજ સી.પી.સી.કલમ–૮૦ મુજબની નોટીસ વેવ કરવાની અરજી લગત હુકમ કરી,નોટીસ વેવ કરવાનો હુકમ કરવામાં આવેલ છે જેથી વાદીઓના દાવાને સી.પી.સી.કલમ–૮૦ મુજબની જોગવાઈનો બાધ નડતો નથી જેથી **મુદા નં.૩** નો જવાબ આથી **હકાર**માં આપવામાં આવે છે.

**(૧૮) <u>મુદ્દા નં.૪ થી ૬ ની સંયુકત ચર્ચા</u> :–**

હાલના દાવા કામે વાદીઓ તરફે પ્રતિવાદીઓ વિરુધ્ધ તેઓની માલીકી અને કબજા ભોગવટાની મોજે.મઉટાંડા ગામની સીમમાં આવેલ જુના સ.નં.૪૨૯,નવા સ.નં.૨૪૩ પૈકી ૧,પૈકી ૨ ની જમીન અને તેઓની જમીનની બાજુમાં આવેલ સ.નં.૨૫૪ અને ૨૫૫ ની જમીન વચ્ચે પ્રતિવાદી નં.

૪ ને  તેઓની જમીનમાં અવરજવર કરવા અંગેનો કોઈ રસ્તો અસ્તિત્વમાં આવેલ ન હોય તેવી હકીકત દાવા અરજીમાં જણાવેલ છે પરંતુ વાદીઓ તરફે મુદા નં.૧ અને ૨ અંગે ઉપરોકત કરેલ ચર્ચામાં,સદરહુ હકીકત પુરવાર કરી શકેલ નથી જેથી વાદીઓ તરફે હાલના દાવા કામે પ્રતિવાદીઓ વિરુધ્ધ માંગેલ દાદ મેળવવા હકકદાર હોય તેવુ જણાઈ આવતુ નથી.વધુમાં આ કામના પ્રતિવાદી નં.૪ નાએ વાદીઓ વિરુધ્ધ દાખલ કરેલ સામાદાવાના કામે રજુ કરેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓમાં વાદીઓની મોજે.મઉટાંડા ગામની સીમમાં આવેલ જુના સ.નં.૪૨૯,નવા સ.નં.૨૪૩ પૈકી ૧,પૈકી ૨ ની જમીન અને તેઓની જમીનની બાજુમાં આવેલ સ.નં.૨૫૪ અને ૨૫૫ ની જમીન વચ્ચે પ્રતિવાદી નં.૪ ને તેઓની જમીનમાં અવરજવર કરવા અંગેનો કોઈ રસ્તો અસ્તિત્વમાં આવેલ હોય તેવુ પુરવાર કરેલ છે તેમજ આંક–૧૩૧ અને ૧૩૨ થી તપાસેલ સાહેદોએ પણ સદરહુ તકરારી રસ્તાની હકીકતને સમર્થન આપેલ છે તથા સદરહુ આશરે ૭૦ થી ૮૦ વર્ષથી અસ્તિત્વમાં હતો અને સદરહુ રસ્તાનો  પ્રતિવાદી નં.૪ તેમજ રસ્તાની આજુબાજુ આવેલ જમીનોના માલીકો ઉત્તરોઉતર ઉપયોગ કરતા હોવાની હકીકત જણાવેલ છે તેમજ આંક–૧૧૯ થી ૧૨૨ ના મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ હેઠળના કેસ નં.૨/૨૦ ના કામે લીધેલ જવાબો તેમજ પંચનામા તેમજ આંક–૧૨૪ થી રજુ હુકમ તેમજ આંક–૧૨૫ થી રજુ મામલતદાર કોર્ટ એકટની કલમ–૨૩(૨) હેઠળની રીવીઝન અરજીના હુકમને ધ્યાને લેતા,દાવાવાળી જગ્યાએ તકરારી રસ્તો અસ્તિત્વમાં હોવાનુ જણાઈ આવે છે તેમજ વાદીઓ ધ્વારા સદરહુ રસ્તામાં ખેડકામ કરી,બંધ કરતા મામલતદાર ધ્વારા સદરહુ રસ્તો ખુલ્લો કરવામાં આવેલ હોવાનુ પુરવાર થયેલ છે.વધુમાં ઈઝમેન્ટ એકટની કલમ–૪ ની જોગવાઈ અને તે અંગે જણાવેલ શરતોને ધ્યાને લઈએ તો,જયારે કોઈ વ્યકિત કોઈ મિલકત અંગે તે મિલકતના માલીકની જાણમાં હોય તે રીતે શાંતિપુર્વક,

કાયમી રીતે,વીસ વર્ષ ઉપરાંતના સમયથી કોઈ મિલકત ઉપર હવા ઉજાસ, અવરજવર વીગેરેના અધિકારનો ઉપયોગ કરતા હોય તો,ઉપયોગ કરનાર વ્યકિત સદરહુ અધિકાર અંગે તે મિલકત બાબતે સુખાધિકાર ધરાવે છે તેવુ માનવાપાત્ર છે.હાલના કામે પ્રતિવાદી નં.૪ તરફે રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી વાદીઓની માલીકી અને કબજા ભોગવટાને મઉટાંડા ગામની સીમમાં આવેલ જુના સ.નં.૪૨૯,નવા સ.નં.૨૪૩ પૈકી ૧,પૈકી ૨ ની જમીન અને તેઓની જમીનની બાજુમાં આવેલ સ.નં.૨૫૪ અને ૨૫૫ ની જમીન વચ્ચે પ્રતિવાદી નં.૪ ને તથા આજુબાજુના અન્ય જમીન માલીકોને તેઓની જમીનમાં અવરજવર કરવા અંગેનો કોઈ રસ્તો અસ્તિત્વમાં આવેલ હોવાનુ પુરવાર થયેલ છે તથા પ્રતિવાદી નં.૪ અને અન્ય જમીન માલીકો સદરહુ રસ્તાનો સુખાધિકાર તરીકે ઉપયોગ કરવા અધિકાર ધરાવતા હોવાનુ પુરવાર થયેલ છે જેથી પ્રતિવાદી નં.૪ નાઓ તેઓના સામાદાવાના કામે માંગેલ દાદ મેળવવા હકકદાર હોવાનુ જણાઈ આવે છે.આમ,ઉપરોકત ચર્ચાને ધ્યાને લેતા,આ કામના વાદીઓ દાવા કામે માંગેલ દાદ મેળવવા હકકદાર ન હોવાનુ જણાય છે જેથી **મુદા નં.૪** નો જવાબ **નકાર**માં આપવામાં આવે છે તથા આ કામના પ્રતિવાદી નં.૪ નાઓ તેઓના સામાદાવાના કામે માંગેલ દાદ મેળવવા હકકદાર હોવાનુ જણાય છે જેથી **મુદા નં.૫** નો જવાબ **હકાર**માં આપવામાં આવે છે તથા **મુદા નં.૬** અંગે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

## <u>–: આખરી હુકમ :–</u>

**(૧)** વાદીઓનો હાલનો દાવો નામંજુર યાને કે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના પ્રતિવાદી નં.૪ નો આંક–૨૫ નો કાઉન્ટર કલેઈમ એટલે કે સામોદાવો મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે તથા મોજે.મઉટાંડા ગામની

સીમમાં આવેલ વાદીઓની માલીકી અને કબજા ભોગવટાની જમીન કે જેના જુના સ.નં.૪૨૯,નવા સ.નં.૨૪૩ પૈકી ૧,પૈકી ૨ અને સદરહુ જમીનની બાજુમાં આવેલ સ.નં.૨૫૪ અને ૨૫૫ ની જમીન વચ્ચે આવેલ નાળીયાના રસ્તાનો પ્રતિવાદી નં.૪ અને અન્ય ખેતર પાડોશીઓ વાપર,ઉપયોગ કરવા હકક,અધિકાર ધરાવે છે તથા આ કામના વાદીઓએ તથા તેઓના એજન્ટ, નોકરો,મળતીયાઓએ સદરહુ રસ્તાનો વાપર તેમજ ઉપયોગ કરવા અંગે પ્રતિવાદી નં.૪ તથા અન્ય ખેતર પાડોશીઓને કોઈ પણ જાતનો હેલો, હરકત,અટકાયત,અંતરાય,અટકાવ કરવો કરાવવો નહી તે મતલબનો વાદીઓના વિરુધ્ધ તેમજ પ્રતિવાદી નં.૪ ની તરફેણમાં કાયમી મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત–પોતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૦૭ મી,માહે–ઓગસ્ટ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા : ૦૭/૦૮/૨૦૨૬
સ્થળ : ભીલોડા

(એમ.એ.મકરાણી)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભીલોડા
(જજ કોડ : જીજે ૦૧૦૦૭)